રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઇ-ન્યૂઝલેટર અંક નં. ૩૧+૩૨ નવેમ્બર+ડિસેમ્બર-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ



## રાજકોટ મહાનગરપાલિકા તથા મહિલા બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે

# આંગણવાડી વર્કર બહેનોનો ઉદ્‌ઘાટન શ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે સન્માન કાર્યક્રમ યોજાયો

રાજકોટ મહાનગરપાલિકા તથા બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૦૮–૧૨–૨૦૨૦ના રોજ આંગણવાડી વર્કર બહેનોનુ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન શ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહિલા મોરચાના પ્રભારી માન. શ્રી અંજલીબેન રૂપાણીએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં એમ કહ્યું હતું કે, દેશને અને સમાજને મજબુત અને સક્ષમ ભાવી પેઢી મળે તે માટે પાયારૂપ ભૂમિકા નિભાવી રહેલા આંગણવાડીના બહેનો ખુબ જ અભિનંદનને પાત્ર છે. ભગવાન શ્રી કૃષ્ણને જન્મ દેવકી માતાએ આપેલ પરંતુ તેને ભગવાન બનાવવાનો શ્રેય પાલક માતા યશોદાને મળેલ અને એટલા માટે જ આંગણવાડીના બહેનોને યશોદા માતા તરીકે ઓળખ આપવામાં આવી છે. ગર્ભાધાન પછી બાળકના ૧૦૦૦ દિવસ તેના બૌદ્ધિક વિકાસ માટે ખુબ જ મહત્વના હોય છે. જેથી આંગણવાડીના બહેનોનુ યોગદાન ખુબ જ મહત્વનું બંને છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસ માટે અલગથી જ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની રચના કરી હતી. જેમાં આંગણવાડીના વિકાસ પર ભાર મુકવામાં અવ્યો હતો જ્યાં ગર્ભવતી બહેનોને પોષક આહાર માંડીને બાળકોની તંદુરસ્તી તેમજ શારીરિક માનસિક વિકાસ માટે પોષણયુક્ત આહાર સાથે તેઓની કાળજી લેવામાં આવે છે. આ જ સીલસીલો આગળ ધપાવતા રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે કુપોષિત બાળકોની યાદી તૈયાર કરાવી તે બાળકો પોષણયુક્ત બનાવવાનુ અભિયાન હાથ ધર્યું હતું. આ અભિયાન અંતર્ગત રાજકોટમાં આંગણવાડીમાં જાન્યુઆરી ૨૦૨૦માં ૫૭૫ કુપોષિત બાળકો હતા. આ સંખ્યા નવેમ્બર ૨૦૨૦માં ઘટીને ૨૩૩ રહી છે. આ ઉપરાંત માન.મુખ્યમંત્રીશ્રીએ ૨૦૧૯માં વહાલી દીકરી યોજના લોન્ચ કરી જેનો હેતુ દીકરીનો જન્મદર વધારવા અને શિક્ષિત બંને તેમજ બાળવિવાહ બંધ થાય તે હતો. આ યોજના હેઠળ દીકરીને શિક્ષણ માટે ધોરણ ૧માં પ્રવેશ વખતે રૂા.૪૦૦૦ અને ધોરણ ૯માં પ્રવેશ વખતે રૂા.૬૦૦૦ તથા દીકરીના લગ્ન વખતે રૂા.૧૦૦૦૦૦ની સહાય કરવામાં આવે છે. આજે તો દીકરીઓ ફાઈટર પ્લેન ઉડાવી રહી છે અને અવકાશ યાત્રા પણ કરી ચુકી છે. જો દીકરી ભણે તો જ સમાજ આગળ આવશે. રાજકોટમાં આંગણવાડીની સુંદર કામગીરી બદલ મહાનગરપાલિકાના શિશુ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી રૂપાબેન શીલુ અભિનંદનને પાત્ર છે.

આ પ્રસંગે મેયર બિનાબેન આચાર્યે જણાવેલ કે, સમાજમાં દીકરા અને દીકરી વચ્ચેનુ સંતુલન જળવાય અને ભેદભાવ દુર થાય તે માટે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન લોન્ચ કરેલું છે. એવી જ રીતે ગુજરાતમાં દીકરી જન્મદર વધે અને વધુ ને વધુ દીકરીઓ શિક્ષિત બંને તે માટે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર ખુબ જ પ્રયત્નશીલ છે. મહિલા અને બાળ વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકાયેલી છે. માન.શ્રી અંજલીબેન રૂપાણીના પ્રયાસો અને પ્રેરણાથી કુપોષિત બાળકોના પોષણ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે આંગણવાડીના બાળકોને દતક લેવા સમાજમાં નવી પહેલ થઇ છે. દેશની મજબુત ભાવી પેઢીનો આધાર તંદુરસ્ત બાળક છે અને તેમનો યોગ્ય ઉછેર થાય તે માટેના આ અભિયાન બદલ માન.શ્રી અંજલીબેન રૂપાણીને અભિનંદન પાઠવું છું. હાલ, સમગ્ર દેશ કોરોના મહામારી સામે જંગ લડી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ લોકોને કોરોનાથી બચાવવા અને જાગૃત રાખવા પ્રશાસન દિવસ–રાત જોયા વગર કામગીરી કરી રહ્યું છે. જેમાં આંગણવાડીના બહેનોનું ખુબ જ મોટું યોગદાન રહેલું છે જે પ્રસંશાને પાત્ર છે.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, દેશમાં ૧૩૫ કરોડની વસતી છે. જેમાં ૦ થી ૬ વર્ષના બાળકો અંદાજીત ૧૬ કરોડ છે. એક રીસર્ચ પ્રમાણે બાળકમાં ૨.૫ વર્ષની વય સુધીમાં ૮૫ % બ્રેન ડેવલોપમેન્ટ અને ૩ વર્ષની વય સુધીમાં ૯૦ % બ્રેન ડેવલોપમેન્ટ થાય છે. ૦ થી ૬ વર્ષની ઉંમરમાં બાળકોનો જે બૌધિક વિકાસ થાય છે તેના પર દેશનુ ભાવી નિર્ભર છે. આંગણવાડી યશોદા માતા દ્વારા પહેલા ૩ વર્ષ સુધી બાળકના મગજનું ડેવલોપમેન્ટ થાય તે ખુબ જ અગત્યનું છે. તંદુરસ્ત બાળક તંદુરસ્ત સમાજનો થાયો છે.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, ડી.એમ.સી. બી.જી. પ્રજાપતિ, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરીયા, શિશુ કલ્યાણ સમિતિ ચેરમેન રૂપાબેન શીલુ, ડે. મેયરશ્રી



અશ્વિનભાઈ મોલીયા, ICDS વિભાગના CDPO હીરાબેન રાજશાખા, મનીષાબેન, કોર્પોરેટરશ્રીઓ, સ્થાનિક હોદ્દેદારરશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમાણપત્ર અને શાલ દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું તેમાં ભાવનાબેન ભટ્ટ, કોમલબેન કાનાણી, સીમાબેન પંડ્યા, ફાલ્ગુનીબેન ઠુમ્મર, પન્નાબેન ખરાડી, પૂનમબેન ડોબરીયા, મેઘનાબેન ખાંભલીયા, હંસાબેન મહીડા, ભાવિકાબેન ચાઉ, ચંદનબેન હરણેસા, પારૂલબેન શુક્લા, દેવ્યાનીબેન જોષી, શીતલબેન કસોટીયા, રશ્મીબેન વોરા, શહીદાબેન ગુંદાલીયા સહીત અન્ય કુલ આંગણવાડી બહેનોનું સન્માન કરાયું હતું.

વ્હાલી દીકરી યોજના હેઠળ લાભાર્થીઓ નેહાબેન ગૌસ્વામી, શાયરાબેન રાઠોડ, ઉર્મિલાબેન શ્રીમાળીને સહાયના હુકમ પત્ર મહાનુભાવોના વરદ્ હસ્તે એનાયત કરાયા.

આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી શ્રી કિરણબેન મોરીયાણી દ્વારા બેટી બચાઓ, બેટી પઢાઓ વિષય પર સૌને શપથ લેવડાવ્યા હતા. કરવામાં આવી. કાર્યક્રમના અંતે આભાર વિધિ શિશુ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી રૂપાબેન શીલુ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ કાર્યક્રમનુ સંચાલન કોમ્યુનિટી ઓર્ગેનાઈઝરશ્રી દિપ્તીબેન આગરિયા એ કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સી.ડી.પી.ઓ.શ્રી હીરાબેન રાજશાખા અને તેમની ટીમે જહેમત ઉઠાવી.

## રાજકોટ મહાનગરપાલિકાની જાહેર પરિવહન સેવાને કેન્દ્ર સરકારશ્રી દ્વારા

# Innovations undertaken in Urban Transport during COVID-19 અંતર્ગત Award Of Commendable Initiative એવોર્ડ



सत्यमेव जयते

Government of India
Ministry of Housing & Urban Affairs

confers this

*Award of Commendable Initiative*

on the occasion of
*13th Urban Mobility India Conference 2020*
*held on 9th November, 2020*

to

*Rajkot Municipal Corporation, Gujarat*

for

***Innovations in Urban Transport during COVID-19***

*Rajkot Municipal Corporation implemented a smooth transition to technology driven ITMS system during COVID-19 for their city bus system. It allowed the organization to enable electronic ticketing machine through Automated Fare Collection System. Senior officials of the corporation cycled to work every Friday to promote "cycle for work" and "cycle or walk for last mile connectivity" to motivate people for use of NMT. Considering COVID-19 as an opportunity, the city revived their bicycle lanes and created Public Bike Sharing (PBS) stations along BRTS corridor.*

New Delhi
9th November, 2020

(Durga Shanker Mishra)
Secretary to Government of India

કેન્દ્ર સરકારશ્રીના MINISTRY OF HOUSING AND URBAN AFFAIRS (MOUHA) ડીપાર્ટમેન્ટ દ્વારા The 13th Urban Mobility India Conference, 2020 (UMI-2020) અંતર્ગત કોવિડ–૧૯ મહામારી દરમિયાન શરૂ કરવામાં આવેલ સિટી ટ્રાન્સપોર્ટેશનમાં તકેદારીના ભાગરૂપે લેવામાં આવેલ તમામ જરૂરી initiatives અંગે પ્રેઝન્ટેશન તૈયાર કરી UMI-2020 માં ભાગ લેવા માટે પ્રપોઝલ રજુ કરવા જાણ કરવામાં આવેલ. જે અન્વયે રાજકોટ શહેરમાં જાહેર પરિવહનનું સંચાલન કરતી રાજકોટ મહાનગરપાલિકાની સંપૂર્ણ હસ્તાંતરીત કંપની રાજકોટ રાજપથ લી. (RRL) દ્વારા બી.આર.ટી.એસ. તથા સિટી બસ સેવામાં કોવિડ–૧૯ દરમિયાન રાગચાળાને ફેલાતો અટકાવવા તેમજ તકેદારીના ભાગરૂપે આ બન્ને પરિવહન સેવાઓમાં કરવામાં આવેલ અગત્યની તમામ કામગીરીઓની વિગતો તૈયાર કરી UMI-2020 માં પ્રપોઝલ રજુ કરવામાં આવેલ તેમ મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જાહેર કરેલ છે.

સરકારશ્રીના MINISTRY OF HOUSING AND URBAN AFFAIRS ડીપાર્ટમેન્ટ દ્વારા નિયત કરવામાં આવેલ Penal ઘર Experts દ્વારા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રપોઝલની પસંદગી કરી Innovations undertaken in Urban Transport during COVID-19 કેટેગરી હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને તા. ૯–૧૧–૨૦૨૦ ના રોજ સેક્રેટરીશ્રી, MoHUA શ્રી દુર્ગાશંકર મિશ્રા હસ્તક Award ઘર Commendable Initiative એવોર્ડ એનાયત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાનું જાહેર પરિવહનની સંચાલન કરતી કંપની રાજકોટ રાજપથ લી. (RRL) દ્વારા બી.આર.ટી.એસ. તથા સિટી બસ સેવામાં કોવિડ–૧૯ દરમિયાન લેવામાં આવેલ તકેદારીની વિગતો નીચે મુજબ છે.

– મિશન સ્માર્ટ સિટી પ્રોજેક્ટના ભાગરૂપે RRL દ્વારા લોકડાઉન સમયગાળા દરમિયાન ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ITMS) સોફ્ટવેર બનાવવાની કાર્યવાહી કરવામાં આવેલ અને હાલની મેન્યુઅલ સિટી બસ ઓપરેશન સિસ્ટમમાંથી પરિવહન સેવાઓમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી આધારીત ITMS SYSTEM ને કાર્યરત કરવામાં આવેલ. જે અંતર્ગત ઇન્ફોર્મેશન ટેકનોલોજી આધારિત Vehicle Planning Scheduling and Dispatch (VPSD) સિસ્ટમની અમલવારી કરવામાં આવેલ છે. VPSD સિસ્ટમમાં પરિવહન સેવાઓ માટેના હયાત ઉપલબ્ધ Infrastructure and Manpower ને ધ્યાને લઈને નિયત કરવામાં આવેલ રૂટ પર જાહેર પરિવહન સેવાઓ પુરી પાડવામાં આવે છે.

– ITMS પ્રોજેક્ટ અંર્તગત ટિકિટિંગની કામગીરી માટે Automated Fare Collection System (AFCS) તથા Electronic Ticketing Machine (ETM) ને આગામી સમયમાં પરિવહન સેવાઓમાં ઉપયોગમાં લાવવા અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. હાલમાં સિટી બસ ટિકિટિંગની કામગીરી semi - automatic સ્વરૂપે કરવામાં આવે છે જે કામગીરીમાં રોકડ રકમની વસુલાત કરી મુસાફરની ટિકિટ આપવામાં આવે છે, ETM machine થકી આગામી સમયમાં મલ્ટીપલ ઈનપુટ્સ એટલે કે ડિજિટલ સ્માર્ટ કાર્ડ/યુપીઆઈ ટ્રાન્ઝેક્શન/એપ આધારિત કોન્ટેકટલેસ ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શન થકી મુસાફરને ટિકિટ આપવામાં આવશે

– કોવિડ–૧૯ રોગચાળાના ફેલાવાને રોકવા માટે રાજકોટ રાજપથ લી. દ્વારા ભારત સરકારશ્રીની સલામત શહેરી પરિવહન સેવા માટે જારી કરવામાં આવેલા એસ.ઓ.પી. માર્ગદર્શિકા મુજબની અમલવારી લાગુ કરવામાં આવેલ છે. રોજબરોજના જાહેર પરિવહન સેવાઓ માટે ઓપરેશન શરૂ થતાં પહેલાં બધી બસોને Disinfection Material દ્વારા જંતુનાશક કરી સફાઈ કરવામાં આવે છે. મુસાફરોને બસમાં મુસાફરી કરતા પહેલા સનિટાઈઝરથી હાથ સાફ કરવા માટે તમામ બસોમાં સેનિટાઈઝર બોટલ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. અત્રેની પરિવહન સેવાના ચેકિંગ સ્ટાફ (નિરીક્ષકો) દ્વારા મુસાફરોને માસ્ક પહેરવા, નિયમિતપણે હાથ સાફ કરવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુસાફરોમાં COVID-19 ની જાગૃતિ લાવવા અને વાયરસના ફેલાવાને રોકવા માટે તમામ બસોમાં આઇ.સી.સી. સ્ટીકરો ચોંટાડવામાં આવેલ છે, દા.ત. મુસાફરોને તેઓના હાથની સ્વચ્છતા અને સામાજિક અંતર જાળવવા માટે જાગૃતિ લાવવા માટેના સ્ટીકરો, સામાજિક અંતર સાથે બેસવાની રીત અંગેના બસ લેઆઉટ દર્શાવતા સ્ટીકરો પ્રદર્શિત કરવામાં આવેલ છે. સિટી ટ્રાન્સપોર્ટેશન માટેની અનલોક–૫ની છેલ્લી ગાઈડલાઈન મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં કુલ બસ ક્ષમતાના ૭૫% જેટલી બસોની સંખ્યા દ્વારા પરિવહન સેવા પુરી પાડેલ.



सत्यमेव जयते

Government of India
Ministry of Housing & Urban Affairs

confers this

*Award of Commendable Initiative*

on the occasion of
*13th Urban Mobility India Conference 2020*
*held on 9th November, 2020*

to

Rajkot Municipal Corporation, Gujarat

for

***Innovations in Urban Transport during COVID-19***






### ભિક્ષાવૃતિ મુક્ત રાજકોટ અભિયાન અંતર્ગત

## રાજકોટ શહેરમા કુલ-૦૪ ઝોન બનાવી ભિક્ષાવૃતિ કરતા મહિલા/પુરૂષો તથા બાળકોનું રૂબરૂ કાઉન્સેલીંગ કરી ભિક્ષાવૃતિ બંધ કરવા સમજાવવાની કામગીરી ચાલુ

રાજકોટ (શહેર) ખાતેથી ભિક્ષાવૃતિ કરતા ભિક્ષુકોને દુર કરવા ભિક્ષાવૃતિ મુક્ત રાજકોટ અભિયાન સમાજ સુરક્ષા ખાતુ–રાજકોટ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ–રાજકોટના લીડ રોલ સાથે રાજકોટ પોલીસ તથા રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન સ્ટાફ દ્વારા સયુંક્ત પણે તા.૪–૧૧–૨૦૨૦ થી ચલાવવામાં આવે છે. આ અભિયાનમાં રાજકોટ શહેરમા કુલ–૦૪ ઝોન બનાવી ભિક્ષુકો જે જગ્યા પર ભિક્ષાવૃતિ કરે છે તે તથા તેઓનાં રહેણાંકનાં વિસ્તાર ખાતે કુલ ૦૪ ટીમો દ્વારા ભિક્ષાવૃતિ કરતા મહિલા/પુરૂષો તથા બાળકોનું રૂબરૂ કાઉન્સેલીંગ કરી ભિક્ષાવૃતિ બંધ કરવા સમજાવવાની કામગીરી ચાલુ છે. આ કાર્યવાહીમાં ખુબ જ સારું પરિણામ મળી રહેલ છે. આ કામગીરીને ખુબ જ સારો પ્રતિસાદ મળી રહેલ છે. આ કામગીરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી રાજકોટ, મ્યુનિ. કમિશ્નરશ્રી રાજકોટ, જિલ્લા બાળ સુરક્ષા એકમ રાજકોટ, પોલીસ કમિશનરશ્રી રાજકોટના અધિકારી / કર્મચારીઓ દ્વારા સંયુક્તપણે ખુબ જ સારી કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત રાજકોટ ખાતે કુલ–૦૪ ઝોન બનાવી તા.૪–૧૧–૨૦૨૦ થી ભિક્ષુકોની આઇડેન્ટીફાય જગ્યા પર જઈ તમામ ભિક્ષાવૃતિ કરતા ભિક્ષુકોને આ કામગીરી બંધ કરી પોતાના રહેણાંક ખાતે જતા રહે અને અન્ય ધંધો/રોજગાર કરી સ્વનિર્ભર જીવન જીવે તે માટે કાઉન્સેલીંગ કરવામાં આવેલ છે ત્યારબાદ આ કામગીરીમાં જોડાયેલ તમામ વિભાગો દ્વારા ભિક્ષુકો સામે રાઉન્ડઅપની કાર્યવાહી કરવામાં આવશે.

આ કાર્યવાહી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ. એન. ગોસ્વામી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી મિત્સુબેન જે. વ્યાસ તથા આસી. પોલીસ કમિશનરશ્રી ચાવડાના માર્ગદર્શન હેઠળ આ તમામ વિભાગના અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

### કોરોના સામે સાવચેતી એજ સલામતી:

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ, કોવીડ-૧૯ ટેસ્ટીંગ વ્હીકલ અને ડોર-ટુ-ડોર સર્વેલન્સ




માર્ચ – ૨૦૨૦થી શરૂ થયેલી કોરોનાની પરિસ્થિતિથી સૌ વાકેફ છે. આ મહામારીમાં લોકો જેટલી વધુ સલામતી રાખશે તેટલો કોરોના વાઈરસનો પ્રસાર અટકશે. જોકે રાજકોટ મહાનગરપાલિકાએ શહેરીજનોને વર્તમાન મહામારીમાં આસાનીથી ઘર આંગણે જ તબીબી સારવાર, ટેસ્ટીંગ અને માર્ગદર્શન સહીતની સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરેલી છે. લોકોએ કોરોનાથી ડરવાની જરૂર નથી. સાવચેતી રાખવી એ જ કોરોના સામે રક્ષણ મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. લોકોને સમાન્ય લક્ષણો જેવા કે શરદી, ઉધરસ, તાવ કે શ્વાસ લેવામાં તકલીફ પડે તો તુર્ત જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપલબ્ધ કરાયેલ સેવાઓનો સંપર્ક કરી પોતાનું અને પોતાના પરિવારજનોનું રક્ષણ કરે, તેવા આશય સાથે આવતી કાલથી શહેરના ૦૭ સ્થળો પર ટેસ્ટીંગ બુથ શરૂ કરવામાં આવશે. જ્યા લોકોને વિનામુલ્યે એન્ટીજન ટેસ્ટ કરી આપવામાં આવશે. આ ઉપરાંત ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ, કોવીડ–૧૯ ટેસ્ટીંગ વ્હીકલ, ડોર–ટુ–ડોર સર્વેલન્સ જેવી સેવાઓ કાર્યરત છે. બિનજરૂરી શહેરમાં અવરજવર કરવાનું ખાસ ટાળવું અને અત્યંત જરૂરી હોય તો જ ઘરની બહાર જવું તેમજ માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું અને સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનું પાલન કરવું ખુબ જ જરૂરી છે.

કોરોના વાઈરસ સામે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા શ્રેણીબધ્ધ કામગીરી થઇ રહી છે. રાજકોટ શહેરને કોરોના મુકત કરવા માટે મનપા દ્વારા સઘન કામગીરી ચાલી રહી છે. રાજકોટ શહેરમાં કોરોના સંકરણની ચેઈન તોડવા મનપા દ્વારા ઘર આંગણે સેવાઓ આપવામાં આવે છે. જેમાં તા.૧૭–૧૧–૨૦૨૦ થી તા.૧૯–૧૧–૨૦૨૦ સુધીમાં ૪૦૦ થી વધુ સર્વેલન્સની ટીમ દ્વારા ૫૫૨૧૧ ઘર – કુટુંબને સર્વે કરવામાં આવ્યા હતા. ૫૦ ધનવંતરી રથ દ્વારા તા.૧૭–૧૧–૨૦૨૦ થી તા.૧૯–૧૧–૨૦૨૦ સુધીમાં ૨૬૨૧૦ વ્યક્તિઓએ સેવાનો લાભ લીધો હતો. ઉપરાંત મનપાના તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે સરેરાશ ૪૯૪૧ વ્યક્તિઓની ઓ.પી.ડી. નોંધાયેલ છે. શહેરીજનો માટે શરૂ કરેલ ૧૦૪ સેવા અંતર્ગત તા.૧૭–૧૧–૨૦૨૦ થી તા.૧૯–૧૧–૨૦૨૦ સુધીમાં ૧૦૪ હેલ્પ હેલ્પલાઈન નંબર પર કુલ ૨૮૩ ફોન આવેલ હતા અને તમામ વ્યક્તિઓને સેવા ઉપલબ્ધ કરાવેલ છે. હોમ કવોરન્ટાઇન સારવાર હેઠળ રહેલા દર્દીઓ માટે મનપા દ્વારા કાર્યરત ૨૬ સંજીવની રથ દ્વારા તા.૧૭–૧૧–૨૦૨૦ થી તા.૧૯–૧૧–૨૦૨૦ સુધીમાં ૧૪૮૪ ઘર – કુટુંબની હેલ્થ ચકાસણી કરવામાં આવી હતી.

આવતીકાલથી શહેરના ૦૭ સ્થળોએ ટેસ્ટીંગ બુથ શરૂ કરવામાં આવનાર છે જેમાં (૧) કોર્પોરેશન સેન્ટ્રલ ઝોન ઓફીસ, (૨) ત્રિકોણબાગ, (૩) કિશાનપરા ચોક, (૪) પેડક રોડ – બાલક હનુમાનની જગ્યા પાસે, (૫) રૈયા ચોકડી, (૬) કે.કે.વી. હોલ અને (૭) બાલાજી હોલ પાસે – ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે શરૂ કરવામાં આવશે. જ્યાં રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમ દ્વારા સવારે ૦૯:૦૦ વાગ્યા થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેસ્ટીંગ બુથ ખાતે લોકોને વિનામુલ્યે કોરોના અંગેનો એન્ટીજન ટેસ્ટ તેમજ તેમના શરીરનું ટેમ્પરેચર અને ઓક્સિજન લેવલ ચેકઅપ કરી આપવામાં આવશે. લોકો પોતાની સલામતી અને સ્વાસ્થ્ય માટે એન્ટીજન ટેસ્ટ કરાવે અને વહેલી સારવાર મેળવે તે માટે મહાનગરપાલિકા એ આ વ્યવસ્થા કરી છે.

લોકોની અવર જવર થતી હોય અને લોકોને ટેસ્ટીંગ માટે સરળતાથી સ્થળ મળી શકે તેવા આશયથી ટેસ્ટીંગ બુથ શરૂ કરવામાં આવ્યા છે. વધુને વધુ લોકો પોતાનું ટેસ્ટીંગ કરાવે અને કોરોનાનું નિદાન કરાવી પોતાનું અને પોતાના પરિવારનું રક્ષણ કરે. કોરોનાની ચેઈન તોડવા માટે રાજકોટ મહાનગરપાલિકા દિવસ–રાત મહેનત કરી રહ્યું છે. આ મહામારી સામે લડવામાં લોકોનો જેટલો વધુ સહયોગ મળશે તેટલા વધુ સારા પરિણામ મળશે. લોકો સમજદારી અને સાવચેતી દાખવી મહાનગર––પાલિકાના કાર્યમાં સહયોગ આપે તેમજ નિયમો અને માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરે.

પ્રાથમિક તબક્કામાં કોરોના સામે સારવાર મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિનામુલ્યે ટેસ્ટીંગ કરી નિદાન કરવાનું આયોજન કરેલ છે. હાલ કોરોના સામે રક્ષણ મેળવવા માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અગત્યનું છે. સાવચેતી સાથે કામગીરી કરીએ અને મનપા દ્વારા ઉપલબ્ધ કરાયેલ સેવાનો લાભ લઈ રૂટીન કામગીરી કરીએ.






# નવા ભળેલા મોટામવા, મુંજકા, માધાપર, ઘંટેશ્વરની મુલાકાત કરી સ્થળ સ્થિતિની સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ :

## લોકોના પ્રશ્નો સાંભળી તાત્કાલિક નિરાકરણ લાવવા અધિકારીઓને સુચના



રાજકોટ શહેરના દરેક નાગરિકને પાયાની સુવિધા મળી રહે તેમજ સ્માર્ટ સિટીને અનુરૂપ આવશ્યકતા મુજબના આધુનિક પ્રોજેક્ટ્સ આગળ ધપે એ દિશામાં રાજકોટ મહાનગરપાલિકા આગળ ધપી રહી છે. થોડા સમય પૂર્વે રાજકોટ શહેરમાં નવા ભળેલા ગામો મોટામવા, મુંજકા, માધાપર, ઘંટેશ્વરમાં પણ વિકાસ પ્રક્રિયા આગળ ધપાવવા વિવિધ આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે તા. ૦૪-૧૧-૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા મોટામવા, મુંજકા, માધાપર, ઘંટેશ્વરની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રીની સાથે ત્રણેય નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ, સિટી એન્જી.શ્રી, રોશની શાખાન એડી. સિટી એન્જી., ટાઉન પ્લાનીંગ શાખાના અધિકારીઓ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના અધિકારીઓ ઉપસિથત રહ્યા હતા.

મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એ સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિ વચ્ચે આ ગામોની મુલાકાત દરમ્યાન લોકોના પ્રશ્નો સાંભળ્યા અને તેમને તાત્કાલિક નિરાકરણ કરવા અધિકારીઓને સુચના આપી હતી તેમજ પીવાના પાણીના પ્રશ્નો, લાઈટીંગના પ્રશ્નો, સફાઈના પ્રશ્નોની સંપૂર્ણ સમીક્ષા કરી હતી અને સંબધિત અધિકારીને સુચના આપી તાત્કાલિક જરૂરિયાત પુરી કરવા સુચના આપી હતી. વિશેષમાં પાણી પુરવઠા અને સ્ટ્રીટલાઈટના કામોની ટેન્ડર પ્રક્રિયા અનુસંધાને મ્યુનિ. કમિશનરશ્રીએ સ્થળ પરની સ્થિતિની સમીક્ષા કરી હતી. ડ્રેનેજના કામનું આયોજન હાલ ચાલુ છે. સફાઈ તંત્ર પણ તેની જવાબદારી નિભાવી રહ્યું છે. આ ગામોની મુલાકાત દરમ્યાન કમિશનરશ્રીએ સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કરી લોકોના પ્રશ્નનો ત્વરિત ઉકેલવા અધિકારીશ્રીઓને સુચના આપી હતી.











લક્ષ્મીનગર હોકર્સ ઝોન અને મંગળવારી બજાર ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ

# રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોર્ટ ખાતે સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કામગીરી શરૂ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવા શકય તમામ પ્રયાસો કરવામાં આવી રહયા છે. મહાનગરપાલિકા દ્વારા કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે શ્રેણીબધ્ધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. કોરોનાનો ચેપ ફેલાતો રોકવા સાવચેતીરૂપે તા.૨૪-૧૧-૨૦૨૦ ના રોજ અન્ય શહેરમાંથી અથવા અન્ય રાજ્યમાંથી રાજકોટ આવતા મુસાફરો માટે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોર્ટ ખાતે સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે આ ઉપરાંત લક્ષ્મીનગર હોકર્સ ઝોન અને મંગળવારી બજાર ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરમાં જે વિસ્તારોમાં ફેરીયાઓ વધુ પ્રમાણમાં રહે છે તેવા વિસ્તારોમાં મહાનગરપાલિકા દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરી કોરોના સંક્રમણને અટકાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાની મેડિકલ ટીમ દ્વારા આવા કેમ્પમાં વ્યક્તિનું સ્વાસ્થ્ય કેવું છે તેની પ્રાથમિક તપાસ થર્મલ સ્ક્રિનિંગ અને પલ્સ ઓક્સિમીટર વડે ચકાસણી કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિને કોરોના સંદર્ભે કોઈપણ લક્ષણો જણાયે તેમનું સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવે છે.

અન્ય રાજ્ય કે અન્ય જિલ્લામાંથી રાજકોટ આવતા લોકો માટે મનપાની ટીમ દ્વારા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોટ ખાતે જ હેલ્થ ચેકઅપ કરી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. કોરોનાને પ્રાથમિક તબક્કાથી જ હરાવવા માટે દરેક લોકોએ પોતાનું ટેસ્ટીંગ કરાવવું જરૂરી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેસ્ટીંગ બુથ, ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ, કોવીડ-૧૯ ટેસ્ટીંગ વ્હીકલ તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે પણ વિનામુલ્યે કોરોના ચેકઅપ કરી આપવામાં આવે છે. વહેલું નિદાન કરી કોરોના સંક્રમણની ચેઈનને તોડવા સૌ સહયોગ આપે તેમજ પોતાનું તેમજ પોતાના પરિવારજનોની કાળજી રાખીએ.

હાલ કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક પહેરવું, વારંવાર હાથ સાફ કરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું ખુબ જ જરૂરી છે. શક્ય તેટલું એકબીજાના સંપર્કમાં આવવાનું ટાળવું એ પણ ખુબ જરૂરી છે. તંત્રની કામગીરી સાથે લોકોનો પણ સહયોગ જરૂરી છે.

કોરોનાના સામાન્ય લક્ષણો જેવા કે શરદી, ઉધરસ, તાવ કે શ્વાસ લેવામાં તકલીફ પડે તો તુર્ત જ રાજકોટ મહાનગરપાલિકાની સેવાનો લાભ લેવા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.

**રાજકોટ રાજપથ લી. (RRL) ના ચેરમેનશ્રી (મ્યુનિ. કમિશનરશ્રી) ઉદિત અગ્રવાલના અધ્યક્ષસ્થાને તા.૦૩-૧૨-૨૦૨૦ના રોજ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક સાધારણ સભા મળી**

# ૫૦ ઈ બસ ઉપરાંત DHI દ્વારા મંજુર થયેલ વધારાની ૧૦૦ ઈ બસ માટે ટેન્ડર પ્રક્રિયાઃ ચાલુ માસના અંત સુધીમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી નિયત થનાર ક-૧ એજન્સીને વર્કઓર્ડર આપવામાં આવશે




**ઈ બસ માટે જરૂરી ચાર્જીંગ સ્ટેશનના ખાતમુર્હુતની તૈયારી તથા અન્ય માળખાકીય સુવીધાઓ માટે ૮૦' ફૂટ રોડ પર હયાત સિટી બસ ડેપો ખાતે આધુનિક ઈ બસ ડેપો માટેની કામગીરી શરૂ**

આથી રાજકોટ શહેરની જાહેર જનતાને જણાવવાનું કે રાજકોટ મહાનગરપાલિકાની સંપૂર્ણ હસતાંતરીત કંપની રાજકોટ રાજપથ લી. દ્વારા બી.આર.ટી.એસ. બસ સર્વિસ તથા શહેરી બસ સર્વિસનું સંચાલન કરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત રાજકોટ રાજપથ લી. દ્વારા રાજકોટ શહેરની જાહેર જનતાને કુલ ૪૫ બસ રૂટ પર પરિવહન સેવા પૂરી પાડવામાં આવી રહેલ છે.

રાજકોટ રાજપથ લી.ના ચેરમેનશ્રી (મ્યુનિ. કમિશનરશ્રી) ઉદિત અગ્રવાલના અધ્યક્ષસ્થાને તા.૩–૧૨–૨૦૨૦ના રોજ નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦ની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ હતું, જે અંતર્ગત RRL દ્વારા ગતવર્ષ દરમ્યાન કરવામાં આવેલ તમામ કામગીરી તથા નાણાંકીય હિસાબોની સમીક્ષા કરવામાં આવેલ તથ હાલમાં ચાલુ ઈલે. બસ તથા ITMS સહિતની શહેરના માળખાકીય વિકાસમાં અગત્યની યોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ. RRL ની આ વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન, RRL અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, ડે. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, નાયબ કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, નાયબ કમિશનરશ્રી એ. આર. સિંઘ, CEO, RUDA શ્રી ચેતન ગણાત્રા તથા સીટી એન્જી. શ્રી કે. એસ. ગોહેલ ઉપસ્થિત રહેલ.

રાજકોટ રાજપથ લી. મારફત કુલ ૧૦૦ બસ (૯૦ સિટી બસ તથા ૧૦ BRTS) મારફત સમગ્ર રાજકોટ શહેર તથા તેની આજુબાજુના રહેણાંક વિસ્તારો ઔદ્યોગિક વસાહતો, શૈક્ષણિક સંકુલોને આવરી લેતા કુલ ૪૫ રૂટ પર પરિવહન સેવા પૂરી પાડવામાં આવે છે. સિટી બસ સેવાનો કામનાં દિવસો દરમિયાન દૈનિક સરેરાશ અંદાજીત ૪૦,૦૦૦ તેમજ BRTS બસ સેવાનો કામનાં દિવસો દરમિયાન દૈનિક સરેરાશ અંદાજીત ૨૦,૦૦૦ મુસાફરો મળી કુલ ૬૦,૦૦૦ થી વધુ શહેરીજનો દ્વારા સામાન્ય કામકાજના દિવસોમાં પરિવહન સેવાનો લાભ લેવામાં આવે છે. ગત વર્ષની સરખામણીમાં વર્ષ ૨૦૧૯–૨૦માં સિટી બસમાં સેવામાં અંદાજીત ૨૨,૫૩,૦૦૦ મુસાફરો તેમજ BRTS બસ સેવામાં અંદાજીત ૬,૫૪,૦૦૦ મુસાફરો એમ બંને પરિવહન સેવા મળી કુલ ૨૯,૦૭,૦૦૦ મુસાફરોનો નોંધપાત્ર વધારો નોંધાયેલ છે.

રાજકોટ રાજપથ લી. દ્વારા ઓડીટ વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન થયેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

૧. **મહિલાઓ માટે ફ્રી મુસાફરીઃ-**

દર વર્ષની માફક વર્ષ ૨૦૧૯–૨૦ માં સિટી બસ સેવા તથા BRTS બસ સેવામાં રક્ષાબંધન, વિમેન્સ ડે તથા ભાઈ–બીજના તહેવારના દિવસે મહિલા મુસાફરોને બસમાં ફ્રી મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવવા આવેલ. જેમાં મહિલાઓ દ્વારા ફ્રી મુસાફરીનો બહોળો લાભ લીધેલ.

૨. **૫૦ ઈલેક્ટ્રીક બસઃ-**

સૌરાષ્ટ્રના વ્યાપારિક તથા ઔદ્યોગિક કેન્દ્ર એવા આપણા રાજકોટ શહેરમાં E-Mobility પુરી પાડવા હેતુથી સૌરાષ્ટ્ર કચ્છમા સૌપ્રથમવાર કેન્દ્ર સરકારશ્રીની ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રી (DHI)ની FAME - II Scheme અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ રાજપથ લી. દ્વારા ૫૦ (પચાસ) મીડી AC ઈલેક્ટ્રીક બસ (E-Bus)નું ટેન્ડર કરવામાં આવેલ. જેમાં Lowest Bidder તરીકે રહેલ M/s. PMI Electro Mobility Solution Pvt. Ltd.– હરીયાણા / નવી દિલ્હીની એજન્સીને LOI (લેટર ઓફ ઈન્ટેન્ટ) આપી તા.૭–૩–૨૦ ના રોજ એજન્સી સાથે એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.

ટેન્ડરની શરતો અનુસાર બસ ઓપરેટર એજન્સી દ્વારા E-Bus નું પ્રોટોટાઈપ મોડેલ DHI ની ગાઈડલાઈન અનુસાર તૈયાર કરી ટૂંક સમયમાં રજુ કરવામાં આવનાર છે. જે પ્રોટોટાઈપ E-Busનું પરફોર્મન્સ ચકાસી, જે યોગ્ય જણાયે અત્રેથી મંજુરી અપાયા બાદ એજન્સી દ્વારા આગામી માર્ચ માસ સુધીમાં ઈ–બસ રાજકોટ શહેરનાં જાહેર પરિવહન ઓપરેશન માટે પુરી પાડવામાં આવનાર છે.

ઉપરોક્ત ૫૦ ઈ બસ ઉપરાંત DHI દ્વારા મંજુર થયેલ વધારાની ૧૦૦ ઈ બસ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જે ચાલુ માસના અંત સુધીમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી નિયત થનાર L-1 એજન્સીને જરૂરી વહીવટી પ્રક્રિયાઓ હાથ ધર્યા બાદ વર્કઓર્ડર આપવામાં આવશે.

હાલ સદરહુ ઈ બસ માટે જરૂરી ચાર્જીંગ સ્ટેશનના ખાતમુર્હુતની તૈયારી તથા અન્ય માળખાકીય સુવીધાઓ માટે ૮૦ ફૂટ રોડ પર હયાત સીટી બસ ડેપો ખાતે આધુનીક ઈ બસ ડેપો માટેની કામગીરી શરૂકરાવવામાં આવેલ છે.

૩. **ડ્રાઈવર ટ્રેઈનીંગઃ-**

રાજકોટ રાજપથ લી. દ્વારા તા.૮–૩–૨૦૨૦ (રવિવાર) ના રોજ રાજકોટ સિટી બસ સેવા તથા BRTS ના સુપરવાઈઝરો, ડ્રાઈવરો માટે ટ્રેઈનીંગનું આયોજન કરવામાં આવેલ. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન કચેરી ખાતે બે શીફ્ટમાં ટ્રેઈનીંગ આપવામાં આવેલ.

જેમાં Ethics Behavior Training, Traffic Signs, Traffic rules, Polite behavior, Helping people on the road વિગેરે જેવા તમામ ટ્રાફીક અને રોડ સેફ્ટીના વિષયોને આવરી લેતી તથા તેને સંલગ્ન બાબતોના વિડીયો દર્શાવવા સહિતની ટ્રેનીંગ આપવામાં આવેલ.

૪. **New Bus Stop Extension:–**

– **KKV Chowk (New BRTS Shelters) :-**

૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા તમામ ૧૮ બસ શેલ્ટર્સ પૈકી ઈન્દિરા સર્કલ ખાતે આવેલ શેલ્ટર્સ પરના કાયમી પેસેન્જર્સ ટ્રાફીકને ધ્યાને લેતા તેમજ કાલાવાડ રોડ – ૧૫૦ ફૂટ રીંગ રોડનાં ક્રોસિંગ જંકશન પર આવતા વિદ્યાર્થીઓ–અન્ય મુસાફરોને BRTS કનેકટીવીટીનો લાભ KKV ચોક પર મળી રહે, તેમજ તેમને ઈન્દિરા સર્કલના શેલ્ટર્સ સુધી જવુ ન પડે તે હેતુથી KKV ચોક ખાતે રૂા.૪૩.૫૫ લાખના ખર્ચે BRTS શેલ્ટર બનાવવા માટેની જરૂરી મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા દ્વારા LOWEST RATE મુજબ આવેલ એજન્સીને નિયત કરી KKV ચોક ખાતે BRTS બસ શેલ્ટર બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. જે કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

– **Gondal Chowk Shelter :-**

૧૫૦ ફૂટ રીંગ રોડ પર શહેરના BRTS રૂટ પરની Entry-Exit તરીકેના એટલે કે બંને છેડા (ગોંડલ ચોકડી તથા માધાપર ચોકડી) પરના બસ શેલ્ટર પૈકી માધાપર શેલ્ટરની સરખામણીમાં ગોંડલ ચોક પર આવેલા BRTS શેલ્ટરની લંબાઈ ઓછી હોય, તેમજ રોજીંદા પેસેન્જરના પ્રવાહને ધ્યાને લેતા તેની લંબાઈ વધારવાની જરૂરિયાત હોવાથી ગોંડલ ચોક BRTS શેલ્ટરની લંબાઈ વધારવા માટેની જરૂરી મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા દ્વારા LOWEST RATE મુજબ આવેલ એજન્સીને નિયત કરી ગોંડલ ચોકડી ખાતે રૂા.૨૧.૭૩ લાખના ખર્ચે BRTS શેલ્ટરની લંબાઈ વધારવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. જે કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

– **Trikonbaug Control Cabin :-**

ત્રિકોણબાગ ખાતે આવેલ સિટી બસ સેવા (RMTS) નો કંટ્રોલ રૂમ ઘણો જ જુનો, જર્જરિત તથા તેનું ફલોરીંગ લેવલ નીચુ હોવાના લીધે વરસાદના સમયમાં પાણી ભરાઈ જવાની, જુના બાંધકાનના કારણે વરસાદના સમયમાં છત પરથી પાણી પડવાની સમસ્યા, દિવાલોમાં ભેજ ઉતરવાના કારણે શોટ સર્કિટની સમસ્યા તથા અપુરતી જગ્યાની સમસ્યાને ધ્યાને લઈ તેજ જગ્યાએ નવો સિટી બસ સેવા માટેનો કંટ્રોલ રૂમ બનાવવાનુ નિયત કરવામાં આવેલ. તેમજ સિટી બસ સેવાને લગત કંટ્રોલીંગ, પુછપરછ તેમજ કન્સેશન કાર્ડ વિતરણ માટેની પ્રી–ફેબ્રીકેશન કેબિન પણ જર્જરીત જણાતી હોય ભવિષ્યમાં થતા સિટી બસની સંખ્યાના વધારાને ધ્યાને લઈ બંને કંટ્રોલ રૂમની વ્યસ્થા સચવાઈ જાય તે માટેની જરૂરી મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા દ્વારા LOWEST RATE મુજબ આવેલ એજન્સીને નિયત કરી ત્રિકોણ બાગ ખાતે રૂા.૫.૯૦ લાખના ખર્ચે સિટી બસ સેવા માટે જરૂરી કંટ્રોલ કેબીનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

૫. **ITMS - Integrated Transport Management System :-**

રાજકોટ મહાનગરપાલિકાના મીશન સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ પાન સિટી ડેવલોપમેન્ટ અંતર્ગત સેવોત્તમ પ્રોજેક્ટનાં જુદાજુદા કુલ ૭ કમ્પોનન્ટ પૈકી ઈન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ સીસ્ટમ (ITMS) નો સમાવેશ કરવામાં આવેલ છે જે પ્રોજેક્ટનો કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૯.૮૪ કરોડ રૂપિયા છે.

રાજકોટ રાજપથ લી. દ્વારા ITMS Project અન્વયે રાજકોટ શહેરમાં જાહેર પરિવહનની વ્યવસ્થાને વધુ સારી અને સુદ્રઢ બનાવવાના ઉદેશ્યથી શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કુલ ૧૦.૭૦ કિમી લંબાઈના BRTS કોરીડોર પર આવેલ ૧૮ બસ શેલ્ટર્સ પર નીચે મુજબની વ્યવસ્થાનું અમલીકરણ કરવામાં આવેલ છે.

– **Smart Bus Stop :-**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ITMS પ્રોજેક્ટ હેઠળ શહેરમાં મુખ્ય રસ્તાઓ પરનાં વિવિધ લોકેશન પર કુલ રૂા.૨.૭૮ કરોડ ના ખર્ચે કુલ ૪૦ સ્માર્ટ બસ સ્ટોપ બનાવવામાં આવશે. સ્માર્ટ બસ સ્ટોપમાં આવરી લેવામાં આવેલ અદ્યતન સુવિધાઓ જેવીકે, આકર્ષક તથા સ્માર્ટ ડિઝાઈન, આરામ દાયક બેઠક વ્યવસ્થા, ૨૪ કલાક CCTV કેમેરા સર્વેલન્સ સીસ્ટમ, બસની અવાગમનની સચોટ માહિતી માટે પેસેન્જર ઈન્ફોર્મેશન સીસ્ટમ (PIS), દિવ્યાંગો અને વૃદ્ધોને ચડવા માટે રેમ્પની સુવિધા, સેન્સર બેઈઝ લાઈટીંગ સીસ્ટમ, મોબાઈલ ચાર્જિંગની સુવિધા, IEC ડિસ્પ્લે બોર્ડ વિગેરેનો સમાવેશ કરેલ છે. બનાવવામાં આવનાર કુલ ૪૦ સ્માર્ટ બસ સ્ટોપ પૈકી ૧૦ સ્માર્ટ બસ સ્ટોપની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, બીજા ૧૦ સ્માર્ટ બસ સ્ટોપની કામગીરી પૂર્ણતાના આરે છે, જ્યારે બાકીના ૨૦ સ્માર્ટ બસ સ્ટોપની કામગીરી નિયત થયેલ એજન્સી દ્વારા આગામી ૨ માસમાં પૂર્ણ કરવામાં



આવનાર.

– **TURNSTILE:-**
AFCS (ઓટોમેટીક ફેર કલેક્શન સિસ્ટમ) કે જેમા QR આધારિત ટીકીટની સુવિધા મુસાફરોને પુરી પાડવામાં આવેલ છે. BRTS શેલ્ટર સ્ટેશન પર Entry તેમજ Exit માટે એક–એક ઓટોમેટીક ગેઈટ્ (Turnstile Gate) લગાવવામાં આવેલ છે. મુસાફરો દ્વારા ટીકીટ પરનો QR કોડ મશીનના વેલીડેટરમાં સ્કેન કરવાથી બસ સ્ટેશનના ઓટોમેટીક ગેઈટ ખુલી જશે, આ પ્રકારની અદ્યતન સુવિધા દેશનાં કેટલાક મેટ્રો સ્ટેશનમાં હાલમાં ઉપલબ્ધ છે. તે રાજકોટ શહેરના નાગરિકોને પુરી પાડવામાં આવેલ છે, આવનારા દિવસોમાં મુસાફરો સ્માર્ટ કાર્ડ દ્વારા પણ મુસાફરી કરી શકશે અને આ માટેની વ્યવસ્થાનો સમાવેશ હાલની સીસ્ટમમાં કરવામાં આવેલ છે.

– **PIS (Passenger Information System)**
ITMS પ્રોજેકટ હેઠળ ઈછ્ઝજશેલ્ટર્સ પર IT બેઈઝ અદ્યતન passenger Information System બસ શેલ્ટરની અંદર તેમજ પ્રવેશ પાસે એમ કુલ ૨ (બે) જગ્યાએ **LED** ડિસ્પ્લે બોર્ડ લગાવવામાં આવેલ છે. PIS ના ડીસ્પ્લે પર મુસાફરોને બસ શેલ્ટર પર બંને દિશામાં આવનાર/જનાર બસના સમયની જાણકારી (Expected Arrival Time) મળી રહેશે.

– PAS (Public Announcement System):– જે સબબ બસ શેલ્ટરની અંદર તેમજ પ્રવેશ પાસે સ્પીકર લગાવવામાં આવેલ છે. PAS થકી મુસાફરોને જુદા–જુદા પ્રકારની IEC (Information Education Communication) ની માહિતી પુરી પાડવામાં આવશે, આપદા સમયે જાહેર હિતાર્થે મુસાફરોને અત્યંત જરૂરી સૂચના આપવામાં આવશે.

– AFCS (Automatic Fare Collection System) :- જેમાં QR આધારિત ટીકીટની સુવિધા મુસાફરોને પુરી પાડવામાં આવેલ છે. મુસાફરો દ્વારા ટીકીટ પરનો QR કોડ ટર્નસ્ટાઈલ મશીનના વેલીડેટરમાં સ્કેન કરીને મુસાફરી કરી શકશે.

– VPSD (Vehicle Planning Scheduling dispatch) :- જેમાં શીફ્ટ અને વ્હીકલ વાઈઝ ડ્રાઈવર અને કંડક્ટરને ડ્યુટી અલોટમેન્ટ કરીને નિયત કરેલ શેડ્યુલીંગ મુજબ વ્હીકલને ઓન રૂટ (ડીસ્પેચ)કરવામાં આવશે.

ITMS પ્રોજેક્ટ અન્વયે ઉભી કરવામાં આવેલ ઉપરોક્ત તમામ સુવિધાઓનું BRTS ના નાનામવા ચોક શેલ્ટર્સ પર માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૬–૧૨–૨૦૧૯ ના રોજ Go-Live કરવામાં આવેલ. BRTS બસ સેવાનો દૈનિક ઉપયોગ કરતા અંદાજીત ૨૫૦૦૦ થી વધુ મુસાફરોને ઉપરોક્ત તમામ સુવિધાઓનો લાભ મળશે.

– BRTSમાં તા.૧૬–૯–૨૦૧૯ના રોજ મહત્તમ મુસાફરો ૨૭,૭૪૧ જયારે મહત્તમ ટીકીટીંગ આવક રૂ.૧,૮૬,૮૧૪ થયેલ.

– RMTS (સિટી બસ)માં તા.૬–૦૯–૨૦૧૯ના રોજ મહતમ મુસાફરો ૫૫,૩૫૫ જયારે મહતમ ટીકીટીંગ આવક રૂ.૩૬૬૫૪૪ થયેલ.

– RMTS (સિટી બસ) તથા BRTS બંને પરીવહન સેવાઓ મળી વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન કુલ ૧,૯૬,૯૫,૫૭૯ મુસાફરો દ્વારા પરિવહન સેવાનો લાભ લેવામાં આવેલ. જે મુજબ આગળના વર્ષની સરખામણીમાં ૨૯,૦૭,૨૨૯ જેટલા મુસાફરોની સંખ્યામાં વધારો થયેલ છે.

– RMTS (સિટી બસ) તથા BRTS બંને પરીવહન સેવાઓ મળી વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન કુલ રૂ.૧૩,૩૩,૧૭,૬૦૮ જેટલી ટીકીટીંગની આવક થયેલ છે. જે મુજબ આગળના વર્ષની સરખામણીમાં રૂ.૨,૦૮,૬૧,૮૪૦ જેટલી ટીકીટીંગની આવકમાં વધારો થયેલ છે.

૬. **એવોર્ડ:-**

(૧) SKOCH GROUP એવોર્ડ:–
SKOCH GROUP નવી દિલ્હી દ્વારા અલગ–અલગ રાજ્યોમાથી પરિવહન સેવાઓ પુરી પાડનાર શહેર/સંસ્થા પાસેથી નોમિનેશન મંગાવવામાં આવેલ, જેમાં રાજકોટ રાજપથ લી. દ્વારા ભાગ લઈ નોમિનેશન માટેની તમામ માહિતી મોકલવા માં આવેલ. જે અન્વયે SKOCH GROUP દ્વારા રાજકોટ રાજપથ લી.ને SEMI - FINALIST SKOCH ORDER OF MERIT - 2019 થી એનાયત કરવામાં આવેલ છે.

(૨) Innovations undertaken in Urban Transport during COVID-19 અંતર્ગત Award ઘર Commendable Initiative એવોર્ડ મેળવવા બાબત. સરકારશ્રીના Ministry Of Housing અગાઉ Urban Affairs ડીપાર્ટમેન્ટ દ્વારા નિયત કરવામાં આવેલ Penal ઘર Experts દ્વારા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રપોઝલની પસંદગી કરી Innovations undertaken in Urban Transport during Covid-19 કેટેગરી હેઠળ રાજકોટ મહાનગરપાલિકાન તા. ૯–૧૧–૨૦૨૦ના રોજ સેક્રેટરીશ્રી, MoHUA શ્રી દુર્ગાશંકર મિશ્રા હસ્તક Award ઘર Commendable Initiative એવોર્ડ એનાયત કરવામાં આવેલ.












# રજાના દિવસોમાં પણ સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગની કામગીરી કરતી રાજકોટ મહાનગરપાલિકાની ટીમ

**છેલ્લા ત્રણ દિવસમાં વિવિધ સ્થળોએ કેમ્પ કરી ૯૦૭ લોકોના સ્ક્રીનીંગ અને ૬૨૬ લોકોના ટેસ્ટીંગ કરાયા તેમા ૦૯ લોકો પોઝિટિવ નિકલા**

શહેરના દરેક નાગરિક સુધી પહોંચીને કોરોના અંગેનું ચેકઅપ કરી કોરોના સંક્રમણ ચેઈન તોડવાના આશય સાથે રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા તા. ૨૮–૧૧–૨૦૨૦ ના રોજ બાર્બર (વાણંદ) ક્ષોરકર્મ કારીગરોનું તેમજ તા. ૩૦–૧૧–૨૦૨૦ ના રોજ બીગ બજાર તથા રિલાયન્સ મોલના ડીલીવરી બોય/ગર્લનું અને આજે તા. ૦૧–૧૨–૨૦૨૦ ના રોજ ડી–માર્ટ (ક્રિસ્ટલ મોલ, કુવાડવા રોડ, ગોંડલ રોડ અને લાલપર્ક) ખાતે સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં તા. ૨૮–૧૧–૨૦૨૦ ના રોજ બાર્બર (વાણંદ) ક્ષોરકર્મ કારીગરોના કેમ્પમાં કુલ ૨૫૨ લોકોના સ્ક્રીનીંગ અને ૧૭૨ લોકોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા જેમાંથી ૦૩ લોકોને કોરોના પોઝિટિવ આવ્યા હતા, તા. ૩૦–૧૨–૨૦૨૦ ના રોજ બીગ બજાર અને રિલાયન્સ મોલ ખાતેના કેમ્પમાં કુલ ૫૧૨ લોકોના સ્ક્રીનીંગ અને ૩૪૬ લોકોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા જેમાંથી ૦૫ લોકોને કોરોના પોઝિટિવ આવ્યા હતા તેમજ આજે તા. ૦૧–૧૨–૨૦૨૦ ના રોજ ડી–માર્ટ ખાતેના કેમ્પમાં કુલ ૧૪૩ લોકોના સ્ક્રીનીંગ અને ૧૦૮ લોકોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા જેમાંથી ૦૧ લોકોને કોરોના પોઝિટિવ આવ્યા હતા અને તેમને મનપાની ટીમ દ્વારા હોમ કવોરેન્ટાઇન કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય ખાતે દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં વિવિધ સ્થળોએ કેમ્પ કરી ૯૦૭ લોકોના સ્ક્રીનીંગ અને ૬૨૬ લોકોના ટેસ્ટીંગ કરાયા હતા જમાંથી ૦૯ પોઝિટિવ આવ્યા હતા.

હાલ કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક પહેરવું, વારંવાર હાથ સાફ કરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું ખુબ જ જરૂરી છે. શક્ય તેટલું એકબીજાના સંપર્કમાં આવવાનું ટાળવું એ પણ ખુબ જરૂરી છે. તંત્રની કામગીરી સાથે લોકોનો પણ સહયોગ જરૂરી છે.







# પ્રદ્યુમન ઝૂ ખાતે ભારતીય વરૂ (નાર) એ ચાર બચ્ચાતને જન્મ આપ્યો અને પ્રસાસન ખુશીની લહેર દોડી ઉઠી

રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે ભારતીય વરૂ નર–માદાની જોડી વન્યાપ્રાણી વિનિમય હેઠળ મૈસુર ઝૂ ખાતેથી તા.૧૦–૩–૨૦૧૭ના રોજ લાવવામાં આવેલ. ઝૂ ખાતે ભારતીય વરૂ (નાર)માં માદા વરૂ રૂહી તથા નર વરૂ રાહીલના સંવનનથી માદા વરૂએ તંદુરસ્ત ચાર બચ્ચાંઓને જન્મ આપેલ છે. વરૂમાં ગર્ભધારણનો સમયગાળો જનરલી ૦૨ માસ (૬૧–૬૩ દિવસ) જેટલો હોય છે. ગર્ભધારણ સમય દરમિયાન જ માદા વરૂએ ઝૂ ખાતેના વિશાળ પાંજરાની અંદર જ બચ્ચાંઓને જન્મ આપવા માટે ડેન (ગુફા) બનાવવાનું ચાલુ કરેલ. ડેન બનાવવામાં નર વરૂ પણ મદદ કરતો હતો. ડીલીવરનો સમયગાળો નજીક આવતા માદા વરૂ ડેનની અંદર રહેવાનું પસંદ કરતી હતી જયારે નર વરૂ ડેનની આસપાસ રક્ષક તરીકે આંટાફેરા કરતો હતો. ડેનની અંદર રહેલ માદા વરૂને કોઈ પણ જાતની ખલેલ ન પડે તે માટે તેની પુરી તકેદારી નર દ્વારા રખાતી જોવા મળેલ. માદા વરૂ તથા બચ્ચાઓનું અવલોકન કરી શકાય તે માટે ડેનની સામેના ભાગમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવેલ છે.

તા.૨૯–૧૨–૨૦૨૦ના રોજ રાત્રી દરમિયાન માદા વરૂસાથે ચાર બચ્ચાઓ ડેનની બહાર જોવા મળેલ. આથી બચ્ચાઓનો જન્મી આશરે ૧૦–૧૨ દિવસ પહેલા ડેનની અંદર થયેલ હોવાનું અનુમાન છે. હાલ માદા વરૂ તથા ચારેય બચ્ચાઓ તંદુરસ્ત હાલતમાં ડેનની અંદર જ વસવાટ કરે છે જયારે નર વરૂ એક પિતા તરીકે રક્ષકની જેમ ડેનની બહાર આસપાસ સતત આંટાફેરા કરતો રહે છે. રાજકોટ ઝૂ ખાતે ભારતીય વરૂમાં બચ્ચોંનો જન્મસ પચાની આ બીજી ઘટના છે. ગત વર્ષે પણ આજ માદા વરૂએ ચાર બચ્ચાઓને જન્મ આપેલ. ભારતીય વરૂ વન્યભપ્રાણી સંરક્ષણ ધારા અંતર્ગત શેડયુલ–૧નું ખૂબજ મહત્વનનું પ્રાણી છે. ગુજરાતમાં વરૂપ્રાણીની વસ્તી ઘટતા નીલગાય (રોજડા) પ્રાણીઓની સંખ્યા તથા તેનો ઉપદ્રવ વધ્યા હોવાનું મનાઇ છે. વરૂના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા ખૂબજ તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૫૪ પ્રજાતીનાં કુલ–૪૩૭ પ્રાણી–પક્ષીઓ મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરેલ.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

# કોરોના વેક્સીન અંગે રાજકોટ મહાનગરપાલિકાની પૂર્વ તૈયારી




## વિવિધ સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ સાથે કોરોના વેક્સીન અંગે મીટિંગ

હાલ સમગ્ર દેશ કોરોના વાઇરસ મહામારી સામે જંગ લડી રહ્યો છે ત્યારે સૌના સાથ સહકારથી કોરોના સામે જંગ જીતી પણ શકાશે. દેશમાં કોરોના વાઈરસની વેક્સીન આવવાની તૈયારી થઇ રહી છે જેની સામે રાજકોટ મહાનગરપાલિકા પણ પ્રથમ તબક્કે વેક્સીનને દરેક જરૂરિયાતમંદ માણસ સુધી પહોંચાડવા અંગેના પગલાં લઇ રહી છે. જેના ભાગરૂપે તા.૮-૧૨-૨૦૨૦ના રોજ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન, કોન્ફરન્સ હોલ ખાતે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સહિતના WHOના કન્સલ્ટન્ટ પ્રતિનિધિશ્રી, સિવિલ હોસ્પિટલના સર્જન, પી.ડી.યુ. મેડિકલ કોલેજના સુપ્રીટેન્ડન્ટ, પી.એસ.એમ. ડીપાર્ટમેન્ટના એસોસી. પ્રોફેસર, નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ, મેડીકલ ઓફિસર શ્રી, નાયબ મેડીકલ ઓફીસરશ્રીઓ, આર.સી.એચ.ઓ., I.M.L. અને આઈ.પી. ના પ્રતિનિધિ, પોલીસના પ્રતિનિધિ, એન.સી.સી.ના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે વાત કરાતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે કહ્યું હતું કે, આવતીકાલથી મહાનગરપાલિકા દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે. મીટિંગમાં થયેલ ચર્ચા વિચારણા અનુસંધાને ૫૦ વર્ષથી ઉપરના તમામ લોકોનો સર્વે કરવામાં આવશે અને ડેટા બેંક બનવવામાં આવશે. જયારે ૧૮ થી ૫૦ વર્ષની વયના કો-મોર્બીડ કન્ડીશનવાળા લોકોને કે જેમને ડાયાબીટીસ, બી.પી., કેન્સર, એઇડ્સ, કીડની સંબંધી રોગ, હાર્ટ ડીસીઝ, HIV, મેન્ટલી રીટાર્ડેડ (મનોદિવ્યાંગ) વિગેરે જેવા ક્રોનિક ડીસીઝ-અસાધ્ય રોગ હોય તેવી પરિસ્થિતિવાળા વ્યક્તિઓની પણ એક યાદી તૈયાર કરવામાં આવશે. ઇલેક્શન બુથ વાઈઝ યાદી તૈયાર કરી એક ડેટા બેંક તૈયાર કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થનાર આ સર્વે દરમ્યાન સંબંધિત નાગરિકોએ આધાર કાર્ડ સિવાય (રીપીટ - આધાર કાર્ડ સિવાય) ના ફોટો ઓળખપત્ર જેવા કે, ચુંટણી કાર્ડ, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઇસન્સ, બેંકની ફોટાવાળી પાસબુક, સેન્ટ્રલ, સ્ટેટ, સેક્ટર યુનિટના સર્વિસ આઈડી કાર્ડ ફોટા સાથે, હેલ્થ ઈન્સ્યુરન્સ સ્માર્ટ કાર્ડ, ફોટા સાથેનું પેન્શન ડોક્યુમેન્ટ સહીતના સરકારશ્રીએ માન્ય કરેલ ફોટો ઓળખપત્ર પૈકી કોઈપણ એક ઓળખપત્ર બતાવવાનું રહેશે. રાજકોટ મહાનગરપાલિકા અને પ્રાઈવેટ હેલ્થ કેર વર્કરોના ડેટા તૈયાર કરી Co-Win નામના સરકારશ્રીના સોફ્ટવેરમાં અપલોડ કરવામાં આવશે ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેની એક એપ્લીકેશન બનવવામાં આવશે જેમાં સર્વેની કામગીરી અપલોડ કરવામાં આવશે.









## શહેરમાં પાંચ સ્થળોએ કોરોના વેક્સીન અંગેની મોકડ્રીલ (ડ્રાય રન) શરૂ કરતી રાજકોટ મહાનગરપાલિકાઃ

### આરોગ્ય શાખાના ૨૫૦ કર્મચારીઓ દ્વારા ૧૨૫ લોકો પર ટ્રાયલ કરવામાં આવી.

સમગ્ર દેશ કોરોના વેક્સીનની પ્રતીક્ષા કરી રહ્યો છે. જુદી જુદી મેડીકલ ટીમો દ્વારા કોરોના વેક્સીનને લઈને ટ્રાયલ ચાલી રહ્યા છે. ખુબ જ ટૂંકા સમયમાં કોરોના વેક્સીન સમગ્ર વિશ્વમાં આવાની તૈયારીઓ જણાઈ રહી છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોના વેક્સીન અંગેની મોકડ્રીલ (ડ્રાય રન) આજે શહેરમાં પાંચ સ્થળોએ શરૂ કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય શાખાના ૨૫૦ કર્મચારીઓ દ્વારા ૧૨૫ લોકો પર ટ્રાયલ કરવામાં આવ્યું હતું.

સમગ્ર ભારતમાં ચાર રાજ્યોમાં પ્રથમ તબક્કાની વેક્સીન આપવાની શરૂઆત કરવામાં આવનાર છે જેમાં આસામ, ગુજરાત, પંજાબ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થયી છે જયારે સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર અને રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેક્સીન અંગેની પૂર્વ તૈયારીઓ શરૂકરવામાં આવી છે.

રાજકોટ શહેરના પાંચ સ્થળોને પ્રાઇમરી વેક્સીન આપવા અંગે પસંદગી કરવામાં આવી છે, જેમાં (૧)પદ્મકુંવરબા હોસ્પિટલ, (૨) સ્ટર્લિંગ હોસ્પિટલ, (૩) શ્યામનગર આરોગ્ય કેન્દ્ર, (૪) શેઠ હાઈસ્કુલ, ૮૦ ફૂટ રોડ અને (૫) શાળા નં. ૩૨ નો સમાવેશ થાય છે. તમામ સ્થળોએ મેડીકલની ટીમ દ્વારા મોકડ્રીલ (ડ્રાય રન) શરૂ કરવામાં આવી છે.

મોકડ્રીલ (ડ્રાય રન) દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ૨૫૦ કર્મચારીઓની ટીમ દ્વારા જુદી જુદી જગ્યાએ એકસરખી કામગીરી કરવામાં આવશે. જેમાં મેડીકલ ઓફિસર, ફાર્માસિસ્ટ, UHC એમ.ઓ., કોવીડ એમ.ઓ., સ્ટાફ નર્સ, ડી.ઈ.ઓ. અને એમ.પી.એચ.ડબલ્યુ. હાજર રહેશે.

રાજકો મહાનગરપાલિકા દ્વારા સર્વે કરી એકત્ર કરાયેલ ડેટા પ્રમાણે લોકોને બોલાવવામાં આવશે, પસંદગી કરાયેલ પાંચ સ્થળોએ ત્રણ રૂમમાં વ્યવસ્થા રાખવામાં આવશે પ્રથમ વેઈટિંગ રૂમ, દ્વિતીય વેક્સીનેશન રૂમ અને ત્રીજો ઓબ્ઝર્વેશન રૂમ, જેમાં પ્રથમ રૂમમાં આવનાર વ્યક્તિના ડોક્યુમેન્ટ ચકાસણી કરવામાં આવશે અને વ્યક્તિએ SMS (S–સેનીટાઈઝ, M–માસ્ક, S–ફીઝીકલ ડિસ્ટન્સ)નું પાલન કરવાનું રહેશે. દ્વિતીય રૂમમાં વેક્સીન આપવાની પ્રક્રિયા અને ખાસ બનાવેલ co-win સોફ્ટવેરમાં એન્ટ્રી કરવામાં આવશે અને ત્યારબાદ ત્રીજા રૂમમાં વેક્સીન લેનારને 30 મીનીટ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે અને ત્યાં પણ વ્યક્તિએ SMS (S–સેનીટાઈઝ, M–માસ્ક, S–ફીઝીકલ ડિસ્ટન્સ)નું પાલન કરવાનું રહેશે.

આ મોકડ્રીલ (ડ્રાય રન) પસંદગી થયેલ તમામ રાજ્યોના શહેરોમાં શરૂ કરવામાં આવેલ છે. જેનાથી વેક્સીન સમયે ઉદ્ભવતા પ્રશ્નોનો પહેલાથી જ નિરાકરણ કરી શકાય. ડોક્યુમેન્ટ સંબંધી અથવા સોફ્ટવેર સંબંધી પ્રશ્નોનો નિરાકરણ કરી શકાય તેમજ આવનારા દિવસોમાં કોરોનાની વેક્સીન આપવાની થાય ત્યારે વધારે સારી રીતે અમલીકરણ કરી શકાય.



# લોકોને કોરોનાની વર્તમાન સ્થિતિમાં નિયમિત માસ્ક પહેરવા, વારંવાર સેનીટાઈઝ કરવા અને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા અંગે જાગૃત કરવા મીટિંગ

## રાજકોટ મહાનગરપાલિકાના UHC પ્રભારીઓ દ્વારા શહેરના વિવિધ વિસ્તાર અને સોસાયટીના ૮૦૦ થી વધુ કોવિડ કો-ઓર્ડીનેટર સાથે મીટિંગ

હાલ કોરોનાની વર્તમાન સ્થિતિ સામે લડત આપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ વિસ્તારો અને વિવિધ સોસાયટીમાં ૮૦૦ થી વધુ કોવિડ કો–ઓર્ડીનેટરની નિમણુંક કરવામાં આવી છે. સરકારી તંત્ર સાથે કદમથી કદમ મિલાવી કોવીડ કો–ઓર્ડીનેટર એક સેતુ તરીકે કોરોના કામગીરી નિભાવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયમિત શહેરમાં વિવિધ કામગીરી થઇ રહી જ છે તેમની સાથે કોવિડ કો–ઓર્ડીનેટરો પણ પોતાના વિસ્તારની કાળજી લઇ લોકોને કોરોના અંગે માર્ગદર્શન અને લોકોમાં કોરોના અંગે જાગૃતતા આવે તે માટે કામગીરી કરી રહ્યા છે, પોતાના વિસ્તારના કોઈપણ વ્યક્તિને કોરોના અંગેના કોઈપણ લક્ષણ જણાયે તુર્ત જ કોરોના ચેકઅપનું આયોજન કરવામાં આવે છે તેમજ મહાનગરપાલિકા સંચાલિત ધનવંતરી રથ, ૧૦૪ સેવા રથ, સંજીવની રથ, ટેસ્ટીંગ વ્હીકલ વિગેરે સાથે રહીને ઘરે ઘરે જઈને લોકોને કોરોના અંગે જાગૃતતા કેળવવાની પણ કોવિડ કો–ઓર્ડીનેટર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. આજે UHC ના તમામ કોવીડ કો–ઓર્ડીનેટરો સાથે UHC પ્રભારી દ્વારા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોવીડ કો–ઓર્ડીનેટર દ્વારા પોતાના વિસ્તારના શહેરીજનોને નિયમિત જાગૃત કરવામાં આવે છે. લોકોએ બિનજરૂરી ઘરની બહાર નીકળવું નહી, અગત્યનું કામ હોય અને બહર નીકળવાનું થાય તો મ્હો અને નાક બરવાર ઢંકાઈ તે રીતે માસ્ક અથવા કપડું બાંધવું, વારંવાર સાબુથી હાથ સાફ કરવા અથવા વારંવાર સેનીટાઈઝ કરવું તેમજ સોશિયલ ડિસ્ટન્સ જાળવવું. કોરોના સામે સાવચેતી એજ ઈલાજ છે. પોતાની કાળજી રાખવાથી પોતાના પરિવારની રક્ષા પણ કરી.

રાજકોટને કોરોના મુક્ત બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા સાથે કોવિડ કો–ઓર્ડીનેટરોનો પણ બહોળો સહયોગ મળી રહ્યો છે. વિવિધ વિસ્તારો, બિલ્ડીંગ, સોસાયટીઓ, શેરીઓ વિગેરેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૮૦૦ થી વધુ કોવિડ કો–ઓર્ડીનેટરની નિમણુંક કરી જે–તે વિસ્તારમાં લોકોના સ્વાસ્થ્ય બાબતે કાળજી લેવાની કામગીરી કરવામાં આવી રહી છે. કો–ઓર્ડીનેટર દ્વારા ડોકટરોના સહયોગથી પોતાના વિસ્તારના લોકો માટે કોરોના ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે. સાથોસાથ ધનવંતરી રથ સાથે ઘેર ઘેર જઈને લોકોને રોગ પ્રતિકારક શક્તિ વધારતા ઉકાળા અને આયુર્વેદિક દવા લેવા અપીલ તેમજ પલ્સ, ઓક્સીજન લેવલ, ટેમ્પરેચર ચકાસણી જેવી કામગીરીમાં પણ સહયોગ આપે છે. કોવીડ કો–ઓર્ડીનેટરો દ્વારા પોતાના વિસ્તારમાં અને સોસાયટીમાં લોકોની નિયમિત કાળજી રાખવા માટે SPo2 પણ વસાવેલ છે જેનાથી શરીરના ઓક્સિજનની નિયમિત તપાસ કરી વહેલી સારવાર મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. વહેલું નિદાન, વહેલી સારવાર....

# શહેરના વિવિધ સ્થળોએ મહાનગરપાલિકા દ્વારા માસ્ક નહી પહેરતા લોકો સામે ડ્રાઈવઃ ૧૪૯ આસામીઓ પાસેથી દંડ વસુલ

સરકારશ્રી દ્વારા કેટલીક શરતો સાથે લોકોને પોતાનો વ્યવસાય ચાલુ કરવા છૂટ આપવામાં આવેલ છે, લોકોએ સામાજિક અંતર રાખવું, માસ્ક પહેરવું જેવા નિયમોનું પાલન કરવું આવશ્યક છે. શહેરમાં સોશિયલ ડિસ્ટન્સનો અને ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ધંધાર્થીઓ અને લોકો સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કડક અને દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે, માસ્ક વિના જાહેરમાં ફરતા લોકો સામે પણ દંડ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે. દરમ્યાન તા.૨૪–૧૨–૨૦૨૦ ના રોજ શહેરના વિવિધ સ્થળોએ મહાનગરપાલિકા દ્વારા માસ્ક નહી પહેરતા લોકો સામે ડ્રાઈવ કરવામાં આવી હતી, જે અંતર્ગત માસ્ક નહી પહેરનારા ૧૪૯ લોકો પાસેથી રૂ. ૧,૪૯,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો તેમજ સફાઈ કામગીરીમાં બેદરકારી બદલ કોન્ટ્રાક્ટના બે સફાઈ કર્મચારીને ફરજ પરથી છુટા કરવામાં આવ્યા હતા.

ઘરની બહાર નીકળવાનું ટાળો, અને બહુ જ જરૂરી કામે બહાર નીકળવાનું થાય તો મ્હો અને નાક ઢંકાઈ તે માસ્ક પહેરવું. વારંવાર સાબુથી હાથ સાફ કરવા, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું, પોતે કોરોનાથી બચશે તો અન્ય અને પોતાના પરિવારને કોરોનાથી બચાવી શકાશે.

વોર્ડ નં. ૯ના લલીતાબેન ગૌત્તમભાઈ વાળોદરા જે પી.જે. રાઠોડ કોન્ટ્રાકટના સફાઈ કામદાર રૈયા રોડ પર સફાઈ બીટ ફાળવવામાં આવેલ પરંતુ તેમના દ્વારા સફાઈ અધુરી કરેલ હોય અને વોર્ડ નં ૪ના પુજાબેન સાગરભાઈ પરમાર જે પી. જે. રાઠોડ કોન્ટ્રાકટના સફાઈ કામદાર ગુરૂદેવ ગાર્ડન રોડ, એલ.પી પાર્ક પાછળ સફાઈ બીટ ફાળવવામાં આવેલ પરંતુ તેમના દ્વારા સફાઈ અધુરી કરેલ હોય આ બન્ને કર્મચારીને તાત્કાલિક અસરથી ફરજ પરથી છુટા કરેલ છે.

માસ્કના દંડની વિગત ઈસ્ટ ઝોન,

આસામી ૧૩, દંડ રૂા.૧૩,૦૦૦, વેસ્ટ ઝોન, વોર્ડ નં. આસામી ૧૪, દંડ રૂા.૧૪,૦૦૦, સેન્ટ્રલ ઝોન, આસામી ૩૪, દંડ રૂા.૩૪,૦૦૦, જગ્યા રોકાણ શાખા, આસામી ૮૮, દંડ રૂા.૮૮,૦૦૦ કુલ આસામી ૧૪૯ અને દંડ રૂા.૧,૪૯,૦૦૦. માસ્કના દંડ વસુલ કરાયા.

ઉપરોક્ત કામગીરી નાયબ મ્યુનિ. કમિશનરશ્રી એ.આર.સિંહના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેરશ્રી નીલેશ પરમાર તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ તથા જગ્યા રોકાણ શાખા દ્વારા કરવામાં આવી હતી.






# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજીત સ્વચ્છતા રેન્કિંગ અને સ્વચ્છ રાજકોટ સ્પર્ધાનું પરિણામ જાહેર : વિજેતાઓને સર્ટીફીકેટ આપી સન્માન

## રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી બિનાબેન આચાર્ય સહિતના પદાધિકારીશ્રીઓ તથા નાયબ મ્યુનિ. કમિશનરશ્રીના વરદ્ હસ્તે સર્ટીફીકેટ આપી સન્માન

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આગામી સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૧ને ધ્યાને લઈને ભાગ સમાજમાં સ્વચ્છતા અંગે જાગૃત્તિ કેળવવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ હોટલ, સ્વચ્છ સ્કુલ, સ્વચ્છ રેસીડન્સ વેલફેર એસો./મોહલ્લા, સ્વચ્છ માર્કેટ એસો., સ્વચ્છ હોસ્પિટલ, સ્વચ્છ સરકારી કચેરી જુદી જુદી કેટેગરીમાં સ્વચ્છતા રેન્કિંગ સ્પર્ધાનું આયોજન ઓક્ટોબર–૨૦૨૦ થી નવેમ્બર–૨૦૨૦ સુધીમાં કરવામાં આવેલ હતું. સ્વચ્છ રાજકોટ સ્પર્ધામાં ચિત્ર, શેરી નાટક, ભીત ચિત્ર(મ્યુરલ્સ), જિંગલ તથા શોર્ટ મૂવી અલગ અલગ કેટેગરીવાઈઝ નવેમ્બર–૨૦૨૦માં આયોજન કરવામાં આવેલ હતું જે અનુસંધાને વિજેતાઓને સર્ટીફીકેટ આપી સન્માન કરવાનો કાર્યક્રમ તા.૧૧–૧૨–૨૦૨૦ ના રોજ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી, કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મેયરશ્રી બિનાબેન આચાર્ય, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકર, સેનિટેશન સમિતિ ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી એ. આર. સિંહ, પર્યાવરણ ઈજનેરશ્રી નીલેશ પરમાર, નાયબ પર્યાવરણ શ્રી વલ્લભ જીંજાળા અને શ્રી દિગ્વિજયસિંહ તુવર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી સહિતના પદાધિકારીશ્રીઓ અને નાયબ મ્યુનિ. કમિશનરશ્રીના વરદ્ હસ્તે વિજેતાઓને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મેયરશ્રી બિનાબેન આચાર્યએ સૌના વિજેતા ઓને અભિનંદન આપી જણાવ્યું હતું કે, આપ સૌના પ્રયાસ થકી જ આજે સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૦ માં રાજકોટ શહેર સમગ્ર દેશમાં છઠ્ઠા ક્રમે આવ્યું છે. આજે રાજકોટ શહેરમાં જે ડેવલોપમેન્ટ થઈ રહ્યો છે તે પણ આપ સૌના પ્રયાસો થકી જ શક્ય બન્યું છે.

કોરોના વાઈરસની મહામારી વચ્ચે પણ રાજકોટ મહાનગરપાલિકાને મદદ કરી આપે સૌ કપરી પરિસ્થિતિમાં પણ સહકાર આપ્યો છે. રાજકોટ શહેર ઘણું મોટું શહેર છે અને શહેરના દરેક વિસ્તારને અને દરેક શેરીને સેનીટાઈઝ કરવાની કામગીરી પ્રસંશાને પાત્ર છે જે બદલ આપ સૌનો આભાર માનું છે. આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે રાજકોટ આવ્યા ત્યારે તેમને ટકોર કરેલી કે સ્વચ્છતાની બાબતમાં રાજકોટ પ્રથમ નંબરે કેમ ન આવે... ત્યારે આપણે અથાક મહેનત કરી આજે છઠ્ઠા ક્રમે પહોંચી ગયા છીએ અને હજુ ખુબ મહેનત કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાની કોશિશ કરીશું. ફરી એકવાર વિજેતા થયેલ તમામ લોકોને ખુબ ખુબ અભિનંદન અને આભાર માનું છું.

સ્વચ્છતા રેન્કિંગ સ્પર્ધા ભાગ લેનારને કેટેગરી વાઈઝ સ્વચ્છતાના જુદા જુદા પેરામીટર જેવા કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સર્વિસ મેઈન્ટેનન્સ અને લોકોના ફીડબેકના આધારે તથા સ્વચ્છ રાજકોટ સ્પર્ધામાં સ્વચ્છતાની થીમ ઉપર દરેક કેટેગરીમાં નીચે મુજબ પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપવામાં આવેલ છે.

સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૧ના પેરામીટર સિટીઝન એન્ગેજમેન્ટ અન્વયે સ્ટાર્ટ અપ કંપની, એન્ટર––પ્રીનર, વોલન્ટરી ઓર્ગેનાઈઝેશન, રીલીજીયસ ઈન્સ્ટીટયુટને નીચે મુજબની સંસ્થાને સન્માનિત કરવામાં આવે છે.

સ્વચ્છતા રેકિંગ સ્પર્ધાની સ્વચ્છ હોસ્પિટલ કેટેગરીમાં વિજેતા પ્રથમ નેત્રદીપ હોસ્પિટલ, દ્વિતીય રાજકોટ કેન્સર હોસ્પિટલ, તૃતીય એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ અને આરંભ ઈ. એન. ટી. હોસ્પિટલ, સ્વચ્છ હોટલની કેટેગરીમાં પ્રથમ ફોર્ચુન પાર્ક જે. પી એસ. ગ્રાન્ડ, દ્વિતીય ફર્ન રેસીડન્સી, તૃતીય ઈમ્પીરીયલ પેલેસ અને પેટ્રીયા સ્યુઈટ, સ્વચ્છ સ્કુલ કેટેગરીમાં પ્રથમ આર.કે.સી.(રાજકુમાર કોલેજ), દ્વિતીય એસ.એન.કે. સ્કુલ, તૃતીય સરદાર પટેલ વિદ્યા મંદિર અને કડવીબાઈ વિરાણી વિદ્યાલય, રેસીડન્સ વેલફેર એસો./મોહલા ની કેટેગરીમાં પ્રથમ શિલ્પન ઓનેક્ષ, દ્વિતિય લીલી એન્ડ તુલીપ, તૃતીય ગુલમહોર રેસીડન્સી, સ્વચ્છ માર્કેટ એસો.ની કેટેગરીમાં પ્રથમ કોપર આર્કેડ, દ્વિતીય નક્ષત્ર–૭, તૃતીય સ્વર્ણ ભૂમિ કોમ્લેક્ષ, સ્વચ્છ ગવર્મેન્ટ ઓફિસની કેટેગરીમાં પ્રથમ નવી કલેકટર ઓફિસ, દ્વિતીય પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફિસ, તૃતીય હેડ પોસ્ટ ઓફીસ, રાજકોટ, સ્વચ્છ રાજકોટ સ્પર્ધાની કેટેગરીમાં ચિત્ર સ્પર્ધાની કેટેગરીમાં પ્રથમ દ્રષ્ટિ જોશી, દ્વિતીય ત્રિશા સંઘવી, તૃતીય કરણ મકવાણા, શોર્ટ મુવી સ્પર્ધાની કેટેગરીમાં પ્રથમ કુલદીપ રાજપૂત, દ્વિતીય જીયાંશી અશ્વિન વાઘેલા, તૃતીય મોહિત મિરાંત, મ્યુરલ્સ સ્પર્ધાની કેટેગરીમાં પ્રથમ રમેશભાઈ મુંધવા, દ્વિતીય નટુભાઈ યાદવ, તૃતીય પીન્ટુભાઈ રાઠોડ, શેરી નાટક સ્પર્ધાની કેટેગરીમાં પ્રથમ સ્થાને બંસીબેન ધીંગાણી, દ્વિતીય સ્થાને અભયભાઈ ચાવડા, તૃતીય સ્થાને અક્ષયભાઇ પાડલીયા, જિંગલ સ્પર્ધાની કેટેગરીમાં પ્રથમ આર. જે. શીતલ, દ્વિતીય પાર્થ લાઠીયા, તૃતીય ધ્યેય પાઠક, સિટીઝન એન્ગેજમેન્ટ કેટેગરીમાં સ્ટાર્ટ અપ કંપનીની કેટેગરીમાં જયોતિ સી.એન.સી ઓટોમેશન લી., એન્ટરપ્રીનર તીર્થ એગ્રો ટેકનોલોજી લી., વોલન્ટરી ઓર્ગેનાઈઝેશન ની કેટેગરીમાં શ્રી ગુર્જર સુથાર વાડી સંસ્થા, રીલીજીયસ ઈન્સ્ટીટયુટની કેટેગરીમાં શ્રી ઉમિયા માતાજી મંદિર સંસ્થાન વિવિધ કેટેગરીમાં વિજેતા થયેલ હતા.




## રાજકોટ મહાપાલિકાના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના અંદાજપત્રના પ્રોજેક્ટસ અને કાર્યોની સમીક્ષા બેઠક યોજતા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ

**કોરોના કાળમાં જાહેર સ્વાસ્થ્ય વ્યાપક ક્ષેત્રને આવરી લેતી અત્યંત મહત્વપૂર્ણ કામગીરીની સાથોસાથ જ શહેરની વિકાસ પ્રક્રિયા પણ અવિરત જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી**

**આવાસ યોજના, વિવિધ બ્રિજ, કોમ્યુનિટી હોલ, પ્રાથમિક શાળા, ફાયર સ્ટેશન, વોર્ડ ઓફિસનું નવીનીકરણ વગેરે જેવા પ્રોજેક્ટ્સ લક્ષ્યાંક મુજબ નિર્ધારિત સમયમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના**



રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના મંજુર થયેલા અંદાજપત્રમાં સમાવિષ્ટ વિવિધ પ્રોજેક્ટસ અને કાર્યોની સમીક્ષા કરવા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે તા.૧૫-૧૨-૨૦૨૦ ના રોજ વરિષ્ઠ અધિકારીશ્રીઓની એક ખાસ બેઠક યોજી હતી.

આ બેઠકમાં થયેલી ચર્ચાવિચારણા અંગે માહિતી આપતા મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા નવ નવ માસથી રાજકોટ મહાનગરપાલિકા કોરોના મહામારીનો મુકાબલો કરી રહી છે. આ સમયગાળા દરમ્યાન પણ આવશ્યક પ્રોજેક્ટ્સ આગળ ધપાવવામાં આવી જ રહ્યા છે. કોરોનાની સ્થિતિમાં જાહેર સ્વાસ્થ્ય સંબંધિત ખુબ જ મોટી અને વ્યાપક ક્ષેત્રને આવરી લેતી અત્યંત મહત્વપૂર્ણ કામગીરીની સાથોસાથ જ શહેરની વિકાસ પ્રક્રિયા પણ અવિરત જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી છે. રાજકોટ મહાનગરપાલિકા શહેરમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટસ નિર્ધારિત સમય મુજબ પૂર્ણ કરવા કટીબદ્ધ છે અને આ માટે ગંભીરતાપૂર્વક શકય તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ હવે ટૂંક સમયમાં પૂર્ણ થવા જઈ રહ્યું છે ત્યારે આવાસ યોજના, વિવિધ બ્રિજ, કોમ્યુનિટી હોલ, પ્રાથમિક શાળા, ફાયર સ્ટેશન, વોર્ડ ઓફિસનું નવીનીકરણ વગેરે જેવા પ્રોજેક્ટ્સ લક્ષ્યાંક મુજબ નિર્ધારિત સમયમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. અન્ય મુદ્દાઓ વિશે વાત કરતા કમિશનરશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાએ બજેટમાં જમીન વેંચાણ માટે જે લક્ષ્યાંક નિર્ધારિત કર્યો હતો તે પૂર્ણ કરવા માટે સંબંધિત શાખાધિકારીશ્રીને સૂચના અપાયેલ છે. સાથોસાથ અલગ અલગ આવાસ યોજનાઓમાં વેંચાણના હેતુ માટે બનાવવામાં આવેલી દુકાનોની વેંચાણની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે પણ સંબંધિત અધિકારીશ્રીને સૂચના આપી.

## અર્બન ફોરેસ્ટ સહિતના વિવિધ સ્થળોની મુલાકાત અને સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



રાજકોટને સ્માર્ટ અને વિકાસ તરફ વેગવંતુ બનાવવા હાથ ધરવામાં આવી રહેલા વિવિધ પ્રોજેક્ટમાં શહેરને પ્રાકૃતિક અને સોંદર્યથી સજ્જ બનાવવાના પ્રોજેક્ટનો પણ સમાવેશ થઈ રહ્યો છે. રાજકોટને એક ગ્રીન અને પ્રાકૃતિક સોંદર્ય બનાવવા માટે આજી ડેમ પાસે ડેવલોપ થતું અર્બન ફોરેસ્ટ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટનું કાર્ય પ્રગતિ પર છે. કામગીરીની સમીક્ષા અને પ્રોગ્રેસીવ રીપોર્ટ મેળવવા માટે ગઈકાલે તા. ૧૫-૧૨-૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે અર્બન ફોરેસ્ટ તેમજ ૮૦ ફૂટ રોડ, અમુલ સર્કલ પાસે આવેલ જગ્યા રોકાણ પ્લોટ, ભક્તિનગર સર્કલ પાસે આવેલ ગીતાનગર હોકર્સ ઝોન અને પારડી રોડ પર આવેલ પૂજ્ય રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલની મુલાકાત અને સમીક્ષા કરી હતી. કમિશનરશ્રીએ કુદરતી સોંદર્ય ધરાવતા અર્બન ફોરેસ્ટમાં હાલ ચાલી રહેલા આંતરિક રસ્તાના કામ, ફૂલછોડ વાવવાના કામ તેમજ પાણીની પાઈપલાઈન, પમ્પ વગેરેના કાર્યોની પ્રગતિ નિહાળી હતી અને નિર્ધારિત લક્ષ્યાંકિત સમયમાં કામ પૂર્ણ કરવા સુચના આપી હતી.

આ કામગીરી સમયસર અને ઝડપી પૂર્ણ થાય તે માટે સંબધિત અધિકારીને સુચના આપી હતી. સાઈટ વિઝીટ દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી સી. કે. નંદાણી અને શ્રી એ.આર.સિંહ, પી.એ. (ટેક.) ટુ શ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. શ્રી વાય. કે. ગૌસ્વામી, શ્રી કે. એસ. ગોહેલ, શ્રી એચ. એમ. કોટક, ડાયરેક્ટર પાર્ક્સ એન્ડ ગાર્ડન શ્રી ડૉ. કે. ડી. હાપલીયા, ડે. એક્સી. એન્જી. શ્રી પરેશ પટેલ, શ્રી આઈ. યુ. વસાવા, શ્રી બી. ડી. જીવાણી અને શ્રી પી. સી. વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા.

અર્બન ફોરેસ્ટ ખાતેની મુલાકાતની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રીએ પ્લાન્ટેશન અંગે વિસ્તૃત માહિતી મેળવી તેમજ વોટર વર્કસ નેટવર્ક સિસ્ટમ અંગે માહિતી મેળવી હતી. સિવિલ કામગીરી જેમ કે રસ્તા અને કમ્પાઉન્ડની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપી હતી હતી. અર્બન ફોરેસ્ટ પાસેના ડીપી રોડ પરના બંને સાઈડમાંથી રબીશ દુર કરવા સંબધિત અધિકારીને સુચના આપી હતી.

૮૦ ફૂર રોડ પર આવેલ અમુલ સર્કલ પાસેના દબાણ હટાવ શાખાના પ્લોટમાં સી.સી. વર્ક કરવા તેમજ સ્ક્રેપની હરરાજી કરી નિકાલ કરવા દબાણ હટાવ શાખાને સુચના આપી હતી. ભક્તિનગર સર્કલ પાસે આવેલ મેઘાણી રંગ ભવન પાછળ ઉભા રહેતા ખાણીપીણીના લારીવાળાને ગીતાનગર હોકર્સ ઝોનમાં શિફ્ટ કરવા સુચના આપવામાં આવી હતી તેમજ પારડી રોડ પર આવેલ પૂજ્ય રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલને સેન્ટ્રલ એરકન્ડીશન કરવા માટે જરૂરી પ્લાનીંગ કરવા સુચના આપી હતી.

રાજકોટ શહેરને સુંદર અને રળિયામણું બનાવવા રાજકોટ મહાનગરપાલિકા સતત કાર્યશીલ રહી છે, લોકોને વધુ સારી સુવિધા મળી રહે તેવું આયોજન કરવામાં આવે છે. મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ પોતે રૂબરૂ કામગીરીની સમિક્ષા કરે છે અને કામગીરીનો પ્રોગ્રેસ રીપોર્ટ પણ મેળવી આવશ્યક સૂચનાઓ પણ આપવામાં આવે છે. કામગીરી ઝડપથી પૂર્ણ કરી શહેરીજનોને અર્પણ કરવાના સતત પ્રયત્નો કરાતા રહ્યા છે.

આજીડેમ પાસે નિર્માણ પામનાર ભવ્ય અર્બન ફોરેસ્ટ શહેરીજનો માટે ફરવા લાયક એક સુંદર સ્થળ બની રહેશે. પર્યાવરણની જાળવણી અને ગ્રીન રાજકોટ માટે ઉમદા સ્થળ ગણાશે.









## જાન્યુઆરી-૨૦૨૧માં આમ્રપાલી અન્ડરબ્રીજ શહેરીજનો માટે ખુલ્લો મુકાશેઃ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

ટ્રાફિકની સમસ્યાનો ક્રમશઃ ઉકેલ આવે તે માટે શહેરના રૈયા રોડ પર આમપ'ાલી ફાટક પર અન્ડરબ્રીજ બનાવવાની કામગીરી રેલ્વે દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેની કામગીરી પૂર્ણ થવાની તૈયારીએ છે. આગામી જાન્યુઆરી-૨૦૨૧માં કામગીરી પૂર્ણ થયે આ અન્ડરબ્રીજ લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આમ્રપાલી અન્ડરબ્રીજમાં પાણીના નિકાલની તેમજ અન્ય પાણી બ્રિજમાં ન આવે તેવી વ્યવસ્થા રેલ્વે દ્વારા કરવામાં આવી છે. સમયસર કામગીરી પૂર્ણ કરી શહેરીજનો માટે આગામી જાન્યુઆરી-૨૦૨૧માં ખુલ્લો મુકવામાં આવશે. આ બ્રિજ બનવાથી ટ્રાફિક સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે.

તા.૨૪-૧૨-૨૦૨૦ના રોજ સવારે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે બ્રિજની મુલાકાત લીધી હતી જેમાં તેમની સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, રેલ્વેના સિની. ડીવીઝનલ ઓફિસરશ્રી રાજકુમાર, એડી. સિટી. એન્જી. શ્રી કોટકભાઈ, રોશની શાખાના ઈન્ચા. સિટી એન્જી. શ્રી જીવાણીભાઈ તેમજ એજન્સીના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

આ અન્ડરબ્રીજમાં બંને બાજુ ૪.૫ મીટર સર્વિસ રોડ, ૬.૬૦ મીટરનો બંને બાજુ બોક્સની અંદર કેરેજ-વે, ૬.૭૫ મીટરનો બોક્સની બહાર બોક્સને જોડતો કેરેજ-વે તેમજ વૈશાલીનગર-૧ (શાક માર્કેટ તરફ) થી ચુડાસમા મેઈન રોડ(એરપોર્ટ રોડ) તરફ બ્રિજની ઉપરથી જવા માટેની સુવિધા, કિશાનપરા (RMC સોસાયટી) તરફથી શ્રેયસ સોસાયટી (રેસકોર્ષ) તરફ બ્રિજની ઉપરથી જવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# કોરોના વેક્સીન લોકોને આપ્યા પહેલા મોકડ્રીલ (ડ્રાય રન) અંગેની ટ્રેનીંગ અને પ્રિપેરેશન શરૂ કરતી રાજકોટ મહાનગરપાલિકા



## વેક્સીન આપવાની શરૂઆત અંગે સમગ્ર ભારતના ચાર રાજ્યમાં ગુજરાતની અને સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર અને રાજકોટની પસંદગી

સમગ્ર દેશ કોરોના વેક્સીનની પ્રતીક્ષા કરી રહ્યો છે. જુદી જુદી મેડીકલ ટીમો દ્વારા કોરોના વેક્સીનને લઈને ટ્રાયલ ચાલી રહ્યા છે. ખૂબ જ ટૂંકા સમયમાં કોરોના વેક્સીન સમગ્ર વિશ્વમાં આવાની તૈયારીઓ જણાઈ રહી છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોના વેક્સીન આવ્યા પહેલા સંપૂર્ણ તૈયારીના ભાગરૂપે મોકડ્રીલ (ડ્રાય રન) અંગેની ટ્રેનીંગ અને પ્રિપેરેશન શરૂ કરવામાં આવેલ છે. જેમાં તા. ૨૫-૧૨-૨૦૨૦ અને તા. ૨૬-૧૨-૨૦૨૦ ના રોજ ટ્રેનીંગ તેમજ તા. ૨૭-૧૨-૨૦૨૦ અને તા. ૨૮-૧૨-૨૦૨૦ ના રોજ પ્રિપેરેશન કરવામાં આવશે અને તા. ૨૯-૧૨-૨૦૨૦ ના રોજ મોકડ્રીલ (ડ્રાય રન) કરવામાં આવશે. સમગ્ર ભારતમાં ચાર રાજ્યોમાં પ્રથમ તબક્કાની વેક્સીન આપવાની શરૂઆત કરવામાં આવનાર છે જેમાં આસામ, ગુજરાત, પંજાબ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થઈ છે જ્યારે સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર અને રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેક્સીન અંગેની પૂર્વ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

રાજકોટ શહેરના પાંચ સ્થળોને પ્રાઈમરી વેક્સીન આપવા અંગે પસંદગી કરવામાં આવી છે, જેમાં (૧)પદ્મકુંવરબા હોસ્પિટલ, (૨) સ્ટર્લિંગ હોસ્પિટલ, (૩) શ્યામનગર આરોગ્ય કેન્દ્ર, (૪) શેઠ હાઈસ્કુલ, ૮૦ ફૂટ રોડ અને (૫) શાળા નં. ૩૨ નો સમાવેશ થાય છે. તમામ સ્થળોએ મેડીકલની ટીમ દ્વારા મોકડ્રીલ (ડ્રાય રન) શરૂ કરવામાં આવશે છે.









મોકડ્રીલ (ડ્રાય રન) દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમ દ્વારા જુદી જુદી જગ્યાએ એકસરખી કામગીરી કરવામાં આવશે. જેમાં મેડીકલ ઓફિસર, ફાર્માસિસ્ટ, UHC એમ.ઓ., કોવીડ એમ.ઓ., સ્ટાફ નર્સ, ડી.ઈ.ઓ. અને એમ.પી.એચ. ડબલ્યુ. હાજર રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વે કરી એકત્ર કરાયેલ ડેટા પ્રમાણે લોકોને બોલાવવામાં આવશે, પસંદગી કરાયેલ પાંચ સ્થળોએ ત્રણ રૂમમાં વ્યવસ્થા રાખવામાં આવશે પ્રથમ વેઈટિંગ રૂમ, દ્વિતીય વેક્સીનેશન રૂમ અને ત્રીજો ઓબ્ઝર્વેશન રૂમ, જેમાં પ્રથમ રૂમમાં આવનાર વ્યક્તિના ડોક્યુમેન્ટ ચકાસણી કરવામાં આવશે અને વ્યક્તિએ SMS (S-સેનીટાઈઝ, M-માસ્ક, S-ફીઝીકલ ડિસ્ટન્સ)નું પાલન કરવાનું રહેશે. દ્વિતીય રૂમમાં વેક્સીન આપવાની પ્રક્રિયા અને ખાસ બનાવેલ co-win સોફ્ટવેરમાં એન્ટ્રી કરવામાં આવશે અને ત્યારબાદ ત્રીજા રૂમમાં વેક્સીન લેનારને 30 મીનીટ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે અને ત્યાં પણ વ્યક્તિએ SMS (S-સેનીટાઈઝ, M-માસ્ક, S-ફીઝીકલ ડિસ્ટન્સ)નું પાલન કરવાનું રહેશે.

આ મોકડ્રીલ (ડ્રાય રન) પસંદગી થયેલ તમામ રાજ્યોના શહેરોમાં શરૂ કરવામાં આવેલ છે. જેનાથી વેક્સીન સમયે ઉદ્ભવતા પ્રશ્નોનો પહેલાથી જ નિરાકરણ કરી શકાય. ડોક્યુમેન્ટ સંબંધી અથવા સોફ્ટવેર સંબંધી પ્રશ્નોનો નિરાકરણ કરી શકાય તેમજ આવનારા દિવસોમાં કોરોનાની વેક્સીન આપવાની થાય ત્યારે વધારે સારી રીતે અમલીકરણ કરી શકાય.